# અધ્યાત્મ



વર્ષ : ૨૧ જૂન–૨૦૦૦ અંક : ૯

## * પરમાત્મા કેવા છે? *

પરમાત્મા કોઈ વ્યક્તિ નથી, પરંતુ શક્તિ છે, પરમ સર્વશ્રેષ્ઠ શક્તિ છે, સર્વશક્તિમાન છે, એ સ્પષ્ટપણે સમજી લેવાનું છે. જેમ વિદ્યુતશક્તિ સામાન્ય જેવી હોવા છતાં અનેક પ્રકારની શક્યતાવાળી છે અને આશ્ચર્યકારક કાર્યો કરી શકે છે તેવી રીતે પરમાત્મા એથીયે અધિક સૂક્ષ્મ તથા સામર્થ્યવાળા છે અને સંસારના સર્જન વિસર્જનાદિ અનેકાનેક કાર્યોને કરી શકે છે. એ સાચેસાચ કેવા છે એ તો કોણ અને કેવી રીતે કહી શકે? એ મન અથવા વાણીનો વિષય જ નથી. એમને અવાગ્મનસગોચર કહ્યા છે તોપણ એમનું મનન અને વાણી વર્ણન કરવાના પ્રયત્નો કરે છે. એ પ્રયત્નો પરિપૂર્ણ છે એવું ના કહી શકાય. એમની પરિપૂર્ણતાનો દાવો કોઈ કરતું નથી છતાં પણ એમની રીતે એમનું મહત્ત્વ છે અને એવા પ્રયત્નોથી પરમાત્માને સમજવામાં ઓછીવત્તી મદદ મળે છે. એ દૃષ્ટિએ કહી શકાય કે પરમાત્મા એક અને અચળ છે. સંસારના સર્જનપૂર્વે એકમાત્ર એ જ હતા. અત્યારે પણ એ જ છે અને ભવિષ્યમાં પણ એ જ રહેશે. અનેક પ્રકારના બાહ્યાભ્યંતર આઘાતો અને પ્રત્યાઘાતોની વચ્ચે પણ જે સ્વસ્થ, સ્થિર, એકરસ અને અચળ હોય એવી એક શાશ્વત સર્વોપરી સત્તાની શક્યતાને વિજ્ઞાન પણ નકારી નથી શકતું. અધ્યાત્મ એ જ શાશ્વત સત્તાને પરમાત્મા કહે છે. પરમાત્માનો વેગ મનથી વધારે છે. દુનિયામાં સૌથી વધારે દિવ્ય છે. એમને લીધે જ જુદા જુદા દેવતાઓ પોતપોતાની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થાય છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૨૫–૦૦
વિદેશમાં રૂ. ૨૫૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).**
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન : ૫૬૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| સેવીંલીલા દર્શન | કલ્યાણ | ૧૦ |
| સંતવાણી | યોગેશ્વરજી | ૨૩ |
| કૃપાપાત્ર પ્રેમીભક્ત શ્રી માધવદાસજી | પ્રા. બિપિન પટેલ | ૨૪ |
| પ.પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનું એક અનોખું દર્શન | શ્રી વિજય પાલનપુરી | ૩૩ |
| Maa Sarweshwari | Shital | ૩૯ |
| મા સર્વેશ્વરી | તંત્રી | ૪૧ |
| Maa Sarveshwari the Mother of Universe | Sunita Mistry | ૪૩ |
| જગન્માતા મા સર્વેશ્વરી | તંત્રી | ૪૭ |
| Pujya Maa Sarveshwari | Rina Lad | ૫૦ |
| પૂ. મા સર્વેશ્વરી | તંત્રી | ૫૩ |
| સ્વાતિબિંદુ | યોગેશ્વરજી | ૫૫ |
| રોજીંદી રામાયણ...બંધકોષ | ડો. ઉમાકાંત જોષી | ૫૬ |
| સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ | ડો. બી. જે. જાગાણી | ૬૦ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૧ જૂન–૨૦૦૦ અંક : ૯


## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૯–૮–૮૧, રવિવાર, શ્રાવણ સુદ નોમ, ૨૦૩૭,**
**સ્થળ : શ્રી કલ્યાણ પ્રાર્થના મંદિર, રગ્બી, ઈંગ્લેન્ડ.**

સવારે સમયસર સ્નાન કરી પૂ. શ્રી યોગેશ્વરજીએ વ્યાયામ કરી લીધો; અને માળા કરી નવ વાગ્યે દૂધ પીધું. આજે પૂ. શ્રીએ સ્નાન સમયે જાતે કપડાં ધોઇ નાંખ્યાં. કપડાં સૂકવવાની જગ્યા ચોક્કસ ન હતી, તેથી શ્રી અંબાલાલભાઇ તે કપડાં મશીનમાં સૂકવવા લઇ ગયા.

સાડા અગિયાર વાગ્યા સુધી પૂ. શ્રીએ શ્રીરામચરિતમાનસનો પદ્યાનુવાદ કર્યો. સર્વેશ્વરીએ પણ જપ ને લેખનકાર્ય કર્યું. સાડા અગિયારે મુલાકાત શરૂ થઇ. દસ–બાર ભાઇબેનો આવ્યાં હતાં. સૌએ સાષ્ટાંગ પ્રણામ કરી પોતાની બેઠક લીધી.

આજની બેઠકમાં પૂ. શ્રીએ પોતાની હાર્ટએટેકની માંદગી, માતાજીના અસ્થિવિસર્જનની યાત્રાની થોડી વાતો કરી. વળી ચિત્રકૂટની વાતો થઇ. સર્વેશ્વરી પાસે પૂ. શ્રીએ યોગેશ્વર બાવની ગવડાવી. રગ્બીના પ્રેમી ભાઇઓએ પૂ. શ્રીના ફોટાઓનું આલ્બમ બતાવ્યું.

આજે ભોજનમાં પૂરી, શાક અને ખીર લેવાનું બન્યું, જે શ્રી અંબાલાલભાઇના પવિત્ર દેવસ્થાનમાં બેસીને જ લીધું.

પૂ. શ્રી યોગેશ્વરજી રગ્બીમાં આવે છે એની જાણ થતાં જ પૂ. શ્રી રગ્બી આવે તે પહેલાં જ પ્રવચનની જાહેરાત કરતી પત્રિકા વહેંચાઇ પણ ગઇ હતી. એ પત્રિકા ઉપરથી જણાતું હતું કે પૂ. શ્રીના સત્સંગનો લાભ લેવાની તે સૌની કેવી આતુરતા હતી.

ભોજનબાદ પૂ. શ્રીએ બોલ્ટનના શ્રી વિઠ્ઠલભાઇ સાથે ફોનથી વાતો કરી. ત્યારબાદ મંદિરમાં આવી આરામ કર્યો. સર્વેશ્વરીએ ડાયરી લખી.

સાંજે ૫–૪૫ મિનિટે રગ્બી શહેરના એક ગૃહસ્થને ત્યાં સત્સંગ થયો, જ્યાં એક નાનકડા બાળકે પૂ. શ્રીને પ્રશ્ન પૂછ્યો જે નોંધને યોગ્ય હતો. બીજા પણ પ્રશ્નોત્તર થયા.

**પ્રશ્ન :** બધા માનવો પ્રભુના દરબારમાં સરખા છે, તો પછી સમાજમાં બ્રાહ્મણ મોટા છે એવો ભેદ શા માટે જોવા મળે છે?

**પૂ. શ્રી :** તમે શાળામાં જાઓ છો ને? તો ત્યાં હેડમાસ્ટર એક જ છે ને? બીજા બધા માસ્ટર જ છે. એ બધા માણસો જ છે પણ તેમને જુદાં જુદાં કામ સોંપવામાં આવે છે.

ઓફિસમાં સાહેબ એક જ હોય ને? તેના હાથ નીચે ક્લાર્ક, પટાવાળા હોય છે. ઓફિસમાં ઘણા માણસો હોય પણ સૌને જુદાં



જુદાં કામ સોંપાય તેનો અર્થ ભેદ છે એવો નથી. ઘરમાં ઘણાં માણસો છે પણ કોઇ બહારની ખરીદીનું કામ કરે, કોઇ રસોઇનું કામ કરે, કોઇ ભણવાનું કામ કરે–પણ બધા જ સરખા છે.

વૃક્ષ એક જ છે. શાખાઓ જુદી જુદી છે. ગુણ અને કર્મ પ્રમાણે સમાજમાં વિભાગો પાડવામાં આવ્યા. સમાજમાં જે બ્રાહ્મણ હોય તેનું કામ શાસ્ત્રનું અધ્યયન કરવાનું ને કરાવવાનું. ક્ષત્રિય હોય તો તેનું કામ દેશનું રક્ષણ કરવાનું. વૈશ્યનું કામ વેપાર કરવાનું. શૂદ્રનું કામ સેવા કરવાનું. એમ કામો વહેંચવામાં આવે છે. એનો અર્થ તે બધાથી બ્રાહ્મણ મોટા છે ને ક્ષત્રિય નાના છે એવું નથી. સમાજની વ્યવસ્થા માટે એ વિભાગો જરૂરી છે.

**એક બેન પૂછે છે :** બાળકોને દેવ અને દેવીઓની સમજ પડતી નથી. ગણપતિનો ફોટો જોઇને બાળકો કહે છે આ તો હાથી છે તો કેવી રીતે સમજાવવા કે આ દેવ છે?

**પૂ. શ્રી :** ગણપતિને સૂંઢ છે તેની પાછળ કથા છે, પણ બાળકો એ સમજે નહીં એ ભાવાત્મક વાત છે. મેડીકલ સાયન્સ ભારતનું કેટલું આગળ છે તે વાત ગણપતિના માથાની જગ્યાએ હાથીનું માથું તે જમાનામાં ભગવાન શંકરે લગાડયું. તે ઉપરથી ખ્યાલ આવે છે. સૂંઢ આપણને શીખવે છે કે જે કાંઇ પદાર્થો છે તેને સૂંઘીને જ સ્વીકારો. સારી જ વસ્તુઓ પસંદ કરીને ખાઓ. જે કાંઇ પદાર્થો આવે તે ખાધે જ રાખો, તે યોગ્ય નથી.

બીજા પણ એક–બે પ્રશ્નો થયા. એક બેને ભજન ગવડાવ્યું. અંતે સૌની ઇચ્છાને માન આપી સર્વેશ્વરીએ એક ભજન ગવડાવ્યું. પૂ. શ્રીએ ધૂન ગવડાવી. સત્સંગ પૂરો થયો.

મંદિરમાં આવી ગયા. સાંજના ભોજનમાં બટાકાપૌંઆ અને

દૂધનો અલ્પાહાર લીધો. ત્યાં રળી બોલ્ટનનામના શહેરમાંથી શ્રી વિઠ્ઠલભાઇ અને લક્ષ્મીબેન પૂ. શ્રીને મળવા આવી પહોંચ્યાં. પૂ. શ્રીએ તેઓ સાથે વીસેક મિનિટ વાતો કરી.

સમયસર આજનું પ્રથમ પ્રવચન શરૂ થયું. પ્રવચનને અંતે સર્વેશ્વરીએ બે ભજન ગવડાવ્યાં. પ્રવચનબાદ મંદિરની આરતી થઇ. કાર્યક્રમ પૂર્ણ થતાં સૌ ભાઇબેનોએ પ્રણામ કરી વિદાય લીધી. પૂ. શ્રી તથા સર્વેશ્વરી ઉપર આવી આરામ કરે છે.

**તા. ૧૦–૮–૮૧, સોમવાર, શ્રાવણ સુદ દશમ, ૨૦૩૭,**
**સ્થળ : શ્રી કલ્યાણ પ્રાર્થના મંદિર, રગ્બી, ઈંગ્લેન્ડ.**

સવારે સમયસર સ્નાન, વ્યાયામ, માળા, લેખનકાર્ય શરૂ થયું. વચ્ચે નવ વાગ્યે શ્રી અંબાલાલભાઇ દૂધ લઇને આવ્યા. બહાર ઊભા રહીને તેઓએ જય અંબે કહ્યું, જેથી દ્વાર ખોલી દૂધ લઇ લીધું. ફરી લેખનકાર્ય ચાલુ થઇ ગયું.

સાડા અગિયાર વાગ્યે ફરીથી જયઅંબે કહી મુલાકાતીઓએ સૂચના આપી. દ્વાર ખોલી પૂ. શ્રી મુલાકાતના ઓરડામાં પધારે છે. સૌ પ્રણામ કરી બેઠા છે. આજે કામનો ચાલુ દિવસ હોવાથી છ–સાત જેટલા ભાઇઓ આવીને બેઠા છે. મુલાકાતમાં કેનેડાની વાત, ઠંડીની વાતો અને બીજી થોડી વાતો થઇ.

આજે ભોજન હાથે બનાવવાનું શરૂ થયું. પૂ. શ્રીને પ્રિય એવી ખીચડી ને શાક બનાવ્યું. વળી અહીં દહીંના સ્વસ્છ પેકેટ મળે છે તે દહીંને કચુંબર પણ ભોજનમાં ભળ્યાં. ભોજન ગઇકાલના દેવ-સ્થાનના ઓરડામાં જ લીધું. ભોજન બાદ મંદિરમાં આવી ગયાં. સર્વેશ્વરીએ થોડી નોંધ લખી પછી આરામ.

આજે સૂર્યનારાયણનાં થોડીવાર દર્શન થયાં. થોડીવાર મીઠો



તડકો પણ અનુભવ્યો. આજકાલ અહીં સવારે ત્રણ વાગ્યાથી રાત્રે દશ વાગ્યા સુધી સૂર્યનું અજવાળું ચાલુ રહે છે.

સૂર્યનારાયણના એ પ્રકાશ કે એ તડકાથી કપડાં સૂકાતાં નથી. કપડાં તો મશીનમાં જ સૂકવવાં પડે છે. અથવા ગેસથી ચાલતા લાંબા પતરાના હીટર ઉપર સૂકવવાં પડે છે. અહીંના દરેક બાથ-રૂમમાં ઇલેક્ટ્રીકથી ગરમ પાણી કરવાની સગવડ હોય છે. એટલે ૧૫ થી ૨૦ મિનિટમાં ગરમ પાણી મળે. એ જ રીતે રસોડામાં પણ નાનકડું મશીન હોય જેથી તરત જ ગરમ પાણી રસોઇ માટે મળી જાય. જેથી રસોઇ બનાવવામાં ઘણી સરળતા રહે.

ઘરમાં નાનો, ભણનાર વર્ગ પણ ઘરકામ કરવામાં નાનમ ન અનુભવે. અહીં બધું જ કામ જાતે જ કરવાનું હોય છે. એટલે છોકરો કે છોકરી નાનપણથી જ ઘરકામ કરવામાં સંકોચ ન અનુભવે.

જાહેર માર્ગ ઉપર ચાલનાર વ્યક્તિ ભાગ્યે જ જોવા મળે. બધા જ પોતાની ગાડીમાં આવ–જા કરતા હોય. કોઇ એકાદ સાયકલ કે સ્કૂટર જોવા મળે. ગાડીઓના હોર્ન ભાગ્યે જ સંભળાય. સૌ પોતપોતાની ગાડી નિયમ પ્રમાણે જ ચલાવે એટલે શાંતિથી એકમેક પાસેથી પસાર થઇ જાય. જરૂર પડે તો લાઇટથી સીગ્નલ આપવાના હોય છે.

આખા શહેરમાં ખૂબ શાંતિ લાગે છે. બહાર જાહેર માર્ગ ઉપર પણ એટલી જ શાંતિ. ભારતની જેમ જુદા જુદા રેડીયા-ઓના, માનવોની વાતચીતના, કે વાહનોના હોર્નના અવાજો સાંભળવા ન મળે. માર્ગ ઉપર ક્યાંયે કચરો જોવા ન મળે. સ્વચ્છતા અને શાંતિ રાતદિવસ જાણે પૂ. મોટાના મૌનમંદિરમાં

રહેતા ન હોઇએ એવું અનુભવવા મળે.

મકાનો એકસરખી બાંધણીવાળાં, પ્રમાણમાં નાનાં અને ખૂબ જ વ્યવસ્થિત રીતે એકમેક સાથે જોડાયેલાં જોવા મળે છે. લાલ-રંગના ગોળાકાર જેવા આ મકાનો ઉપર નંબર વાંચવા મળે. ઘરની બહાર ઓટલો નહીં. ચાર માણસો ઊભા રહી શકે તેવી નાનકડી જગ્યા મકાનની આગળ હોય છે. ટપાલ અહીં દરેકના ઘરે ટપાલી વહેંચવા આવે છે. પોતાના પોસ્ટબોક્ષ રાખવાના એવી પ્રથા નથી.

બપોરે શાંતિથી આવી નોંધ કર્યા બાદ સાંજે એક બીજા ભાવિક ભાઇને ત્યાં સત્સંગ હતો. ત્યાં બંનેનું ફૂલહારથી સ્વાગત થયું. સત્સંગને અંતે પૈસા ને કપડાંની ભેટ મૂકવામાં આવી, પણ તે ભેટ પ્રેમપૂર્વક પાછી આપી દીધી. અને સર્વેશ્વરી કપડાં ને પૈસા લેતાં નથી એ નિયમની સૌને જાણ કરી. નિયમો જ્યાં પણ જઇએ ત્યાં સરખા જ રહે તે જરૂરી છે.

મંદિરમાં આવી ગયાં. હળવો અલ્પાહાર દૂધ સાથે કરી લીધો. બરાબર આઠ વાગ્યે પ્રવચન શરૂ થયું. તા. ૧૬–૮–૮૧ થી ૨૩–૮–૮૧ સુધી લેસ્ટરમાં પ્રવચનો ગોઠવાયાં છે. એ સમાચાર ફોનથી મળ્યા. પ્રભુની ઇચ્છા ને યોજના મુજબ કાર્યક્રમ આપો-આપ ગોઠવાવા લાગ્યા. એ રીતે ગોઠવાતા રહેશે, એવો સજીવ વિશ્વાસ પ્રભુ પ્રત્યેનો વધવા લાગ્યો.

પ્રવચન બાદ પૂ. શ્રીની સૂચનાથી અડધો કલાક પ્રાર્થના સંભળાય છે એ પ્રસંગો સર્વેશ્વરી પોતાના વાર્તાલાપમાં કહી સંભળાવે છે. વાર્તાલાપ બાદ આરતી થઇ. સૌ વિદાય થાય તે પહેલાં આજે ઉપર આવી જવાનું બને છે.



મંદિરના બીજા સંચાલક ભાઇ શ્રી ખુશાલભાઇ પાછળ જ આવ્યા. તેમણે વાતચીત કરતાં સર્વેશ્વરીને જણાવ્યું કે ગુરુજી-(યોગેશ્વરજી)ના મેળાપને ત્રણ વરસ થઇ ગયાં. એ મેળાપ પછી ખૂબ ખૂબ શાંતિ ને સંતોષ રહે છે. જ્યારે જ્યારે ભાવના થાય ત્યારે ત્યારે ગુરુજી સ્વપ્નમાં દર્શન આપીને આશીર્વાદ આપે છે. તમારી સર્વ પ્રકારે સેવા કરવાની અમે ઇચ્છા રાખીએ છીએ. અમને બધી જ સેવા આપજો. ગુરુજીનાં કપડાં ધોવાની સેવા પણ મળે એવું ઇચ્છીએ છીએ.

વાતચીત બાદ પ્રણામ કરી તે ભાઇ જય અંબે કહી વિદાય થયા.

પૂ. શ્રી તથા સર્વેશ્વરી આરામ કરે છે.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૨૨૮૨૩૧

# સેવાલીલા દર્શન

કલ્યાણ

કરે સદાયે યત્ન શરીર, શમે પારકાની પીર,
આશીર્વાદ દઇ દો આજ, પૂર્ણ થઇ જાયે શુભકાજ.

પૂ. શ્રી માએ અત્યાર સુધી જે પરમજીવન દર્શન કરાવ્યું છે, તેમાં અનેક અનેરી શુભભાવનાઓનો સમન્વય થયેલો છે. સેવા-ભાવના તેમાંની એક ઉત્તમ ભાવના છે. પૂ. શ્રી માએ પોતાના જીવન ઇતિહાસમાં સેવા ભાવનાના કરુણાસભર ઊર્મિઓથી છલ-કાતાં કેટલાંક મનોહર પૃષ્ઠો ઉમેર્યાં છે. પૂ. શ્રી માએ પોતાના તન-મનને સેવાકાર્યોથી ઘસીઘસીને ઉજ્જ્વળ બનાવ્યાં છે. અહીં આપણે પૂ. શ્રીમાની ઉત્તમ સેવાભાવનાનું દર્શન પામીને ધન્ય બનીએ.

સ્વર્ગારોહણતીર્થ હવે પૂ. શ્રી માનું પ્રિય લીલાસ્થાન બની ગયું છે. વિદેશથી ભારત પધાર્યાં બાદ પૂ. શ્રી માએ સ્વર્ગા-રોહણતીર્થમાં જ વસવાનું પસંદ કર્યું છે. બાળકો અહીં આવી પૂ. શ્રી માની વિવિધ લીલાઓનું દર્શન પામી ધન્યતા અનુભવે છે.

શ્રી શાંતિભાઇ સ્વર્ગારોહણતીર્થમાં મહાન સેવાનું કાર્ય કરી રહ્યા છે. શ્રી શાંતિભાઇ ગુરુદેવપ્રભુની સ્મૃતિમાં વિશાળ હવેલી જેવું સુંદર સ્મૃતિમંદિર બંધાવી રહ્યા છે. એ માટે રાતદિવસ તન-તોડ મહેનત કરીને ખડે પગે સેવા કરી રહ્યા છે. પોતાનું તન, મન, ધન અને સમય અર્થાત્ સમગ્ર જીવન શ્રીપ્રભુ ચરણે અર્પિત કરી વારંવાર કહે છે કે હું તો મારા ગુરુદેવપ્રભુના ચરણે વેચાઇ ગયો છું. હું તો હવે મારા પ્રભુનો દાસ, સેવક, ગુલામ હવે તો



પ્રભુના માટે જ આ જીવન છે. સંપત્તિ પણ પ્રભુની જ છે. હું જ પ્રભુનો થઇ ગયો પછી સંપત્તિ મારી ક્યાં રહી?

શ્રી શાંતિભાઇનો શ્રી પ્રભુ પ્રત્યેનો પ્રેમ અજોડ છે. એ પ્રેમ માટે શ્રી શાંતિભાઇએ ફનાગીરી વ્હોરી છે. શ્રી ગુરુદેવપ્રભુ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવા સેવાનો વિરલ ઇતિહાસ સર્જ્યો છે. સર્વમંગલ ટ્રસ્ટના જન્મથી જ શ્રી શાંતિભાઇ સેવાકાર્યદ્વારા તેની સાથે સંકળાયેલા છે. આજે એ સેવાકાર્ય શ્રી શાંતિભાઇએ વિશાળ પાયાપર ઉપાડયું છે. પોતાનો સમગ્ર સમય અને સંપત્તિ પ્રભુના સેવાકાર્ય માટે છૂટે હાથે વાપરી રહ્યા છે.

શ્રી શાંતિભાઇ શ્રી ગુરુદેવપ્રભુની યાદમાં વિશાળ સુંદર સ્મૃતિમંદિર બનાવી રહ્યા હોય તો પૂ. શ્રી મા તેમાં સેવાનો સહ-યોગ આપ્યાવિના કેમ રહી શકે? પૂ. શ્રી મા હમેશાં સેવાની તક સામેથી શોધતાં રહ્યાં છે. પૂ. શ્રી માએ એ વાત જાણી કે કુટિયા પાસે રેતીની જરૂર છે અને ત્યાં ટ્રક જઇ શકે તેમ નથી. તેથી પૂ. શ્રી માએ શ્રી શાંતિભાઇને કહ્યું કે ચાલો, આપણે સૌ સાધકો સાથે શ્રમયજ્ઞ કરીને રેતીને કુટિયા પાસે લાવીએ.

પૂ. શ્રી મા નવ વાગ્યાની બેઠકમાં હોલમાં પધારે છે. વિષ્ણુ-સહસ્રનામના પાઠનો કાર્યક્રમ હતો. પાઠને બદલે પૂ. શ્રી મા સૌને પૂછે છે. આ શ્રી શાંતિભાઇ કેવડી મોટી સેવા કરે છે તમારે કરવી છે? કોને કોને સેવા કરવી છે? આંગળી ઊંચી કરે. તો પૂ. શ્રી માએ પણ આંગળી ઊંચી કરી. સૌ બાળકોએ પણ શ્રમયજ્ઞ કરવાની તૈયારી બતાવી. એટલે પૂ. શ્રી માએ લખ્યું. પાઠને બદલે ચાલો આપણે સૌ હવે શ્રમયજ્ઞ માટે હોલ છોડીએ.

બહાર નીકળતાંની સાથે જ પૂ. શ્રી મા સીધાં જ જાતે

ભોંયરા પાસે ગયાં અને ત્યાંથી સીમેન્ટની ખાલી થેલી ઊપાડીને રેતી પાસે ગયાં. બાળકોએ થેલી ભરી આપી એટલે પૂ. શ્રી મા ખભે ઊપાડીને ચાલ્યાં. આ સાથે જ શ્રમયજ્ઞનો પ્રારંભ થઇ ગયો. સૌ ના, ના કરતાં રહ્યા. પરંતુ પૂ. શ્રી માએ કોઇને ગણકાર્યાં નહીં. સૌએ ના પાડી તોપણ સ્વેચ્છાએ વજનદાર રેતીની થેલી ખભે ઊંચકીને લગભગ દોડતાં ચાલતાં રહ્યાં. આ એક બે થેલી ઊંચક્યાં પછી કામ પતી જવાની વાત ન હતી. એક ટ્રક જેટલી રેતી ઊંચકવાની હતી. પૂ. શ્રી મા સતત રેતીની થેલી ઊંચકીને દોડતાં જ રહ્યાં. બાળકોએ કહ્યું કે મા હવે બસ, પરંતુ માન્યાં નહિ. અરે ! પૂ. શ્રી માની થેલીમાં બાળકો ઓછી રેતી ભરે તોપણ પૂ. શ્રી મા ચલાવી લેતાં નહિ. આગ્રહ કરીને પૂરતી રેતી થેલીમાં ભરાવીને ઊંચકીને દોડાદોડ કરતાં રહ્યાં.

પાંચ દશ મિનિટની આ વાત ન હતી. સતત એક કલાક સુધી રેતીની વજનદાર થેલીઓ ઊંચકવાનું કામ ચાલતું રહ્યું. પૂ. શ્રી મા એટલી બધી ઝડપથી ચાલતાં કે દર બે મિનિટે હોલ પાસેથી છેક કુટિયા સુધી થેલી ઊંચકીને જતાં અને એટલી જ ઝડપથી લગ-ભગ દોડતા પાછા ફરીને થેલી ઊંચકવા પહોંચી જતાં ! બીજા કરતાં બમણી ઝડપથી ચાલતાં અને બીજા કરતાં થેલી ઊંચકવાનું કામ પણ બમણું કરતાં. બીજા જેટલા સમયમાં એક થેલી ઊંચકી-ને પહોંચાડતાં તેટલાં જ સમયમાં પૂ. શ્રી મા બે થેલીઓ ઊંચકીને પહોંચાડતાં. જ્યાંસુધી કામ ચાલ્યું ત્યાંસુધી પૂ. શ્રી માના વેગમાં કંઇ ફેર પડયો નહિ. એટલી જ ત્વરા અને તમન્નાથી છેવટસુધી કામ કરતાં રહ્યાં. થેલીઓ ઊંચક્યા પછી હવે થાક લાગ્યો છે માટે ધીમે ધીમે ચાલીએ ને થોડું વજન ઊંચકીએ તેવો થાક કે કંટાળો એક ક્ષણ પણ પૂ. શ્રી મા પાસે ફરક્યો નથી. ચડતા સૂર્યના પ્રખર



તાપમાં પૂ. શ્રી મા પરસેવે રેબઝેબ થઇ ગયાં. મુખારવિંદ અને મસ્તક પરથી પરસેવાના રેલાઓ સતત ચાલતાં રહ્યા અને પૂ. શ્રી મા એક સામાન્ય મજૂરની જેમ ભારે પરિશ્રમ ભારવિના કરતાં રહ્યાં. પૂ. શ્રી મા આજે કોઇથી રોક્યાં રોકાયાં નહીં. અરે, થેલીઓ ન મળે તો રેતીનું તગારું ભરીને રીતસર માથાપર ઊંચકીને શ્વાસભેર દોડતાં જ રહ્યાં. વચ્ચે જ્યારે હોલપાસેથી કુટિયાસુધી બાળકોએ લાઇન કરીને ક્રમશઃ થેલી ઊંચકવા લાગ્યાં તો પૂ. શ્રી મા બાળકો વચ્ચે કડીરૂપ બનીને લાઇનમાં ઊભાં રહીને સૌની જેમ થેલીઓ ઊંચકવા લાગ્યાં. લગભગ એક કલાકના ભારે પરિશ્રમ દરમ્યાન પૂ. શ્રી માએ પાંત્રીસેક થેલીઓ તો ઊંચકીને કુટિયાપાસે ખાલી કરી હતી.

પૂ. શ્રી મા માટે આ અસાધારણ પરિશ્રમ હતો. વળી આજે પૂ. શ્રી માને નિર્જળા ઉપવાસ હતો. પાણી પણ લેવાનું ન હતું, છતાં સેવાની તમન્ના પાસે શરીર હારી રહ્યું હતું. વર્ષોથી પૂ. શ્રી માનું શરીર આવો ભારે પરિશ્રમ કરવા ટેવાયેલું નથી, તેમ છતાં ઉપવાસ અને પ્રણામના તપની જેમ પૂ. શ્રી માએ સેવાની તમન્ના સાથે ભારે પરિશ્રમનું તપ કર્યું ! એક કલાકસુધી સતત ભારે પરિશ્રમ થતો રહ્યો, શરીર જરૂર થાક્યું હશે પરંતુ મન હજુ પણ પરિશ્રમ કરવા એટલું જ પ્રફુલ્લિત હતું. શ્રીપ્રભુના સ્મૃતિમંદિરની સેવાની ભાવના એટલી તો પ્રબળ છે કે પૂ. શ્રી મા સેવાની મળેલી તકની એક પણ ક્ષણ ગુમાવવા માગતાં ન હતાં. બાળકોએ અને શ્રી શાંતિભાઇએ પૂ. શ્રી માને આગ્રહભરી પ્રાર્થના કરીને આરામ કરવા કહ્યું, પરંતુ પૂ. શ્રી મા માન્યાં નહીં. પૂ. શ્રી માની સેવાની તમન્નાએ શરીરનો બિલ્કુલ વિચાર કર્યો નહીં. ખરેખર તો શરીરની આટલો પરિશ્રમ કરવાની શક્તિ જ નથી, છતાં પૂ.

શ્રી મા હાર સ્વીકારવા તૈયાર નથી. આમ તો આટલા ને આવા કઠિન પાણી પરના અને પાણીવગરના નિર્જળા ઉપવાસ કરવા પણ શરીર ક્યાં સમર્થ છે? દંડ બેઠક જેવા ભારે વ્યાયામ જેવા પ્રણામો કરવા પણ શરીરની ક્યાં શક્તિ છે? પૂ. શ્રી માના જીવનમાં શરીર અને પ્રભુપ્રેમ વચ્ચે સતત સંઘર્ષ થતો રહ્યો છે. અને દરેક વખતે પ્રભુપ્રેમનો વિજય થયો છે. અહીં પણ શરીર અને પ્રભુસેવાના સંઘર્ષમાં પ્રભુસેવાની તમન્નાનો વિજય થયો છે. શરીરે આરામ માટે જરૂર પોકારો પાડયા હશે, પરંતુ પ્રભુસેવાના પોકારો પાસે પૂ. શ્રી માએ શરીરના પોકારોને સાંભળ્યા નથી. પૂરો સમય પરિશ્રમ એટલે પૂરો સમય પરિશ્રમ! એક મિનિટની પણ હાર સ્વીકારવા પૂ. શ્રી મા તૈયાર ન હતાં! પ્રભુ માટે પ્રેમ અખંડ તો પ્રભુ માટે પરિશ્રમ પણ અખંડ! ખાલી ગાદી ઉપર બેસીને ફક્ત આશીર્વાદ આપવાની વાત પૂ. શ્રી માને પસંદ નથી. પૂ. શ્રી મા આરાધ્યદેવ પણ છે અને સામાન્ય સેવક પણ છે. પૂ. શ્રી મા માટે સેવા માટેનો પરિશ્રમ પ્રભુની પૂજા છે. પ્રભુ માટે પૂ. શ્રી મા શરીરને હોડમાં મૂકતાં રહ્યાં છે. અહીં પણ પ્રભુ સ્મૃતિમંદિરની સેવા માટે પૂ. શ્રી માએ શરીરને હોડમાં મૂક્યું છે. એક કલાકના ભારે પરિશ્રમથી શરીર પરસેવે રેબઝેબ થઇ ગયું, પણ પ્રભુપ્રેમ એવો જ અખંડ રહ્યો.

પૂ. શ્રી માને રેતીની થેલીઓને ઊંચકીને ઝડપથી ચાલતાં જોવાં એ ખરેખર વિરલદર્શન હતું! પ્રભુસેવાની તમન્નાનું એ પ્રકટ સ્વરૂપ હતું! ઘડીભરતો આ વિરલ દૃશ્ય મન માનવા તૈયાર ન હતું. જેમના એકાદ વખતના દર્શન માટે બાળકો ઝંખી રહ્યા હોય તે જ પરમ મા એક સામાન્ય મજૂર બનીને પ્રભુસેવા માટે દોડી રહ્યાં છે તે વાત ગળે ન ઉતરે તેવી છે, છતાં પરમસત્ય છે. સેવાનો મળેલો અવસર ઉજવવા પૂ. શ્રી મા બધું જ વિસરી ગયાં



છે. સેવાના ઉત્સવમાં પૂ. શ્રી માએ એક સામાન્ય સેવકનું પાત્ર બનવાનું પસંદ કર્યું અને તેને મન મૂકીને ભજવી બનાવ્યું. રેતીની થેલીઓ ઊંચકીને દોડતી વખતે એક તપસ્વી શરીરની કૃશતાને વિસરી ગયાં. એ શરીર નહોતું દોડતું પણ પ્રભુપ્રેમ દોડતો હતો. થેલીઓમાં ફક્ત રેતી જ નહીં પણ પૂ. શ્રી મા માટે પ્રભુની સેવા માટેની સામગ્રી હતી! અભિષેક માટે પૂ. શ્રી માને ગંગાજલની જરૂર ન હતી. પ્રસ્વેદના બિંદુઓ અભિષેકની ગરજ સારતાં હતાં!

ખરેખર બાળકોની આંખોએ પૂ. શ્રી માના સેવા સ્વરૂપનું જે દર્શન નિહાળ્યું છે. તેને શબ્દબદ્ધ કરવું અશક્ય છે. આંખોએ માણ્યું છે તે બોલી કે લખી શકાય તેમ નથી. પ્રભુપ્રેમનું એ લીલાદર્શન હતું! તે માણી શકાય પણ વર્ણવી ન શકાય! જે જે બાળકોના પ્રારબ્ધમાં હતું તેઓએ એ વિરલદર્શનને માણી લીધું!

સેવાની આવી જ એક વિરલ તક પૂ. શ્રી માએ વિનાવિલંબે દિવસ અને રાત જોયાવિના ઝડપી લીધી હતી! એક દિવસ સાંજના સત્સંગ પછી ૧૦ વાગ્યે પૂ. શ્રી માએ શ્રી શાંતિભાઇને પૂછ્યું. કંઇ સેવા છે? શ્રી શાંતિભાઇએ કહ્યું કે હોલની સામે જ ઇંટો અને ઇંટોના ટૂકડા પડયા છે તે કુટિયા પાસે પહોંચાડવાના છે. શ્રી શાંતિભાઇને એમ કે સાધકો ઘણા છે એટલે આવતીકાલે સવારે ફેરવી નાંખીશું હવે બીજી વખત પણ પૂ. શ્રી મા સેવાના મેદાનમાં કૂદી પડશે એવી તો શ્રી શાંતિભાઇ સહિત કોઇને કલ્પના ન હતી. કારણ કે એકવાર તો પૂ. શ્રી માએ સેવાનું શુભમુહૂર્ત કરી દીધું છે. એટલે હવે તો સેવાની સાધનાનો કદાચ સંતોષ થઇ ગયો હોય! પૂ. શ્રી માએ બીજી જ ક્ષણે શ્રી શાંતિ-ભાઇને પૂછ્યું કે અત્યારે રાતના દશ વાગ્યા પછી ઇંટો ફેરવી

નાંખીએ તો કંઇ હરકત છે? શ્રી શાંતિભાઇ કંઇ જવાબ આપે તે પહેલાં તો પૂ. શ્રી મા સ્ટેજ ઉપરથી ઊઠીને ચાલ્યાં અને હોલ બહાર પડેલી ઇંટો ઉપાડીને મંડયાં ઝડપથી ચાલવા. પાછળ બાળ-સેના પણ ઉપડી. સેવાનો યજ્ઞ શુભમુહૂર્તવિના જ એકાએક શરૂ થઇ ગયો! રાતના દશ વાગ્યા પછી સ્વર્ગારોહણના રસ્તાઓ સેવકોની દોડધામથી ધમધમવા લાગ્યા.

પ્રથમ વખતની જેમ આ વખતે પણ એવી જ વિરલ સેવા ભાવનાનું દર્શન પૂ. શ્રી માની દોડધામમાં થયું. એક સાથે ત્રણ કે ચાર ઇંટો ખભે લઇને પૂ. શ્રી મા દોડવા લાગ્યાં અને સાથે બાળકોને પણ દોડાવતાં રહ્યાં. ચોર સોનાનો ખજાનો લૂંટવા દોડતા હોય, એવી જ તત્પરતા અને તાલાવેલી!

રેતીની જેમ ઇંટો પણ એટલી જ વજનદાર. સેવા કરનારની પણ કસોટી થઇ જાય! પણ પૂ. શ્રી મા તો પ્રભુના પ્રેમી સેવક હતાં. પ્રેમ હોય ત્યાં ભોગ આપવાનો પણ અનેરો આનંદ હોય છે. એ આનંદના દર્શન અહીં અંધારી રાતે પણ થતાં હતાં. ઇંટોનું વજન અને ઉપવાસી શરીરને એ પરમપ્રેમ ભૂલાવી દેતો હતો. પ્રભુ માટેનો નિ:સીમપ્રેમ સેવાના રૂપમાં સાકાર બનીને પાગલની જેમ ઇંટો ઊંચકીને સ્વર્ગારોહણના રસ્તાપર દોડતો હતો. એ દૃશ્ય ન હતું, પરંતુ પૂ. શ્રી માનું પ્રભુ માટેના અનુપમપ્રેમનું લીલાદર્શન હતું! પૂ. શ્રી માના લીલાદર્શનને નિહાળવામાં ઘણીવખત બાળકો પોતાનું સેવાકાર્ય ભૂલી જતાં હતાં, વિલંબમાં પડી જતાં હતાં! બધાના મુખમાંથી આશ્ચર્યોદગાર સરી પડતો હતો! અહા! મા તો જુઓ! અને ખરેખર મા જોવા જેવાં જ હતાં!

પ્રેમને શું કહશે વેણે રે,
જેણે પ્રેમ નિહાળ્યો નેણે રે!



પૂ. શ્રી માએ સેવાની તક કેવી ઝડપી લીધી? જરાપણ વિલંબ નથી કર્યો. દિવસની રાહ નથી જોઇ કે શ્રી શાંતિભાઇની મંજૂરીની રાહ નથી જોઇ. બસ! જાણી લીધું કે આ સેવા કરવાની છે એટલે સુંદર આસનપરનું પોતાનું પરમપદ છોડીને દોડયાં અને ઇંટોને જાણે ગળે વળગી પડયાં. હા, ઇંટોને ગળે જ વળગી પડયાં કારણ કે પોતાના પ્રભુમંદિરની એ સામગ્રી હતી! માટે તો ગળે વળગાડીને દોડતાં રહ્યાં. જ્યાં શરીરનું ભાન નથી રહ્યું ત્યાં વસ્ત્રોનું ભાન તો ક્યાંથી રહે! ઇંટોના ગેરૂઆ રંગમાં વસ્ત્રો રંગાઇ ગયાં. મનનો રંગ કપડાંને પણ લાગી ગયો!

સેવા માટે પૂ. શ્રી માએ સમય પણ નથી જોયો અને જરા-સરખો વિલંબ પણ નથી કર્યો. પૂ. શ્રી માનો સ્વભાવ છે કે તેઓ કોઇ પણ કામને ભવિષ્યપર નથી છોડતાં. તુરત જ અમલ કરે છે. રાતના સાડાદશ થવા આવ્યા હતા ત્યારે પૂ. શ્રી માએ ન તો બાળકોના આરામનો વિચાર કર્યો કે ન તો પોતાના શરીરનો વિચાર કર્યો. કામ મળ્યું તો તુરત જ અમલ! આમેય કામ માટે પૂ. શ્રી મા રાત અને દિવસનો વિચાર જ નથી કરતાં. દિવસભરતો કામ કરતાં જ રહે છે અને લગભગ ભાગ્યે જ એવી રાત હશે કે જ્યારે પૂ. શ્રી માએ છેક મોડી રાતસુધી એટલે કે બે વાગ્યાસુધી કામ ન કર્યું હોય! પૂ. શ્રી માનો આ ઉદ્યમી સ્વભાવ કામ શોધ્યા કરે છે. પરંતુ પૂ. શ્રી માએ અહીં જે સેવા શોધી તે ભારે પરિ-શ્રમવાળી હતી. ઉપવાસી શરીરે આ ગજા ઉપરવટનો પરિશ્રમ હતો. છતાં પૂ. શ્રી મા ઝૂક્યાં નથી, પડકારને ઝીલી લીધો. પૂ. શ્રી માનો પરાક્રમી સ્વભાવ ક્યારેય હાર કબુલતો નથી અને શરીરનો પણ વિચાર કરતો નથી.

પામી લેવાનું પૂ. શ્રી મા પામી જ લે છે, મેળવવાનું છે તે મેળવીને જ જંપે છે. કોઇ પણ સાધના કે કામ પાછળ પૂ. શ્રી મા અંતરની ઊંડી દાઝપૂર્વક, ઝનૂનપૂર્વક પડી જાય છે. કામ નીપટાવવા માટે કોઇ કસર બાકી રાખતાં નથી. અહીં પણ દિવસ ઉગવાની રાહ જોઇ નથી. સેવા હાથમાં આવી કે કરી લીધી! પડકાર સામે ઊભો થયો કે તુરત જ તેને પહોંચી વળવા લાગી જવું. સવારે પણ કામ થઇ શક્યું હોત પણ ના, આજ આજ ભાઇ અત્યારે–

શ્રી શાંતિભાઇ શ્રી ગુરુદેવપ્રભુની સ્મૃતિમાં વિશાળ હવેલી-જેવું સુંદર સ્મૃતિમંદિર બનાવી રહ્યા છે. આ સ્મૃતિમંદિર અત્યાર-થી જ પ્રભુ અને ભક્તો વચ્ચે આરાધના માટે સેતુ સમાન બની ગયું છે. નીચેના હોલમાં વહેલી સવારથી છેક મોડી રાતસુધી સત્સંગના વિવિધ કાર્યક્રમો સતત ચાલ્યા જ કરે છે. આ વિશાળ હોલ સૌ બાળકો માટે સત્સંગનો સેતુ બની ગયો છે. પૂ. શ્રી માની ઘણા વખતથી એવી ભાવના હતી કે શ્રી શાંતિભાઇના આ સત્સંગના સેતુ બાંધવાના કામમાં અમે પણ ખીસકોલી બનીને અમારા રેતીના કણ અર્પણ કરીએ. પૂ. શ્રી માએ સામેથી આ સેવા શોધીને પોતાની ખીસકોલી બનવાની ભાવના પૂરી કરી!

શ્રી શાંતિભાઇ આ કામ મજૂરો મારફત કરાવી શક્યા હોત અને કરાવે જ છે ને! બાંધકામનું કામ ચાલે છે એટલે કામ તો થતું જ રહે છે. પરંતુ પૂ. શ્રી માની સેતુમાં સહાય થવાની જે ભાવના હતી, તેથી શ્રી શાંતિભાઇને સામેથી પૂછીને કામ શોધી લીધું. અને ભારે લગનીપૂર્વક પોતાનો ખીસકોલીયજ્ઞ કરીને સંતોષ પામ્યાં.

રાત્રે શ્રમયજ્ઞ પૂરો કર્યા પછી પણ એ સેવાના આનંદનો



ઉત્સવ પણ પૂ. શ્રી માએ ઉજવ્યો. એ સેવાના આનંદના ઉત્સવમાં સૌ સંકીર્તન કરતા કરતા ગરબા લેવા લાગ્યાં. પૂ. શ્રી મા પણ સૌની આગળ રહીને બાળકોને રાસલીલાનો આનંદ આપવા લાગ્યાં. પહેલાં પ્રભુ માટે સેવાયજ્ઞ અને પછી પ્રભુસ્મરણનો યજ્ઞ.

બાળકો માટે તો પરમશક્તિના પ્રકટ સ્વરૂપના અનેરા લીલા-દર્શનનો આનંદ હતો. બાળકો માટે તો આ સેવાલીલા એક ઈતિ-હાસ બની ગઇ છે. પૂ. શ્રી માની સેવાલીલાના ગુણાનુવાદ ભવિષ્ય-માં બાળકો ગાયા કરશે. અને પ્રેમાનંદની પળોમાં અવગાહન કરતા રહેશે. સાંદપનિઋષિના આશ્રમમાં ભગવાન કૃષ્ણે કરેલી સેવા-લીલાનો આનંદ ગુણાનુવાદદ્વારા આજે પણ આપણે માણ્યા કરીએ છીએને! ભગવાન રામે પણ બ્રહ્મર્ષિ વસિષ્ઠના આશ્રમમાં સૌને સેવાલીલાનો આનંદ આપ્યો જ હતો ને!

પૂ. શ્રી માએ પોતાની ભાગવત ગાથામાં અત્યારસુધી અનેક લીલાપ્રસંગોનું સર્જન કર્યું છે. તેમાં સ્વર્ગારોહણમાં કરેલી સેવા-લીલાનું એક સોનેરી પૃષ્ઠ ઉમેરાઇ ગયું.

પૂ. શ્રી માનું પરમદર્શન કરતાં કરતાં સૌ બાળકોને પૂ. શ્રી માની સેવાલીલા માણવાનો અનેરો આનંદ આવ્યો. આવી લીલા-દર્શનનું સૌભાગ્ય ભાગ્યે જ મળતું હોય છે તે બાળકોએ ભાવ-વિભોર બનીને લૂટયું. બાળકોને એટલો તો આનંદ હતો કે પૂ. માના દરેક બાલતરુપર આનંદના પુષ્પો ખીલી ઊઠયાં હતાં! સ્વર્ગારોહણના આકાશમાં જાણે આનંદની આતશબાજી છવાઇ ગઇ હતી. સૌ ગરબા ગાતા ગાતા આનંદવિભોર હતા. બાળકોની હર ચહલપહલમાં સેવાલીલાના દર્શનનો ઉમંગ ઉછળતો હતો. ખરેખર સેવાલીલાના દર્શન વખતે બાળકોનો આનંદ પણ માણવા જેવો હતો. સૌ પૂ. શ્રી માને રેતી ઊંચકતાં જોઇને કે ઇંટોને ખભે

લઇને દોડતાં જોઇને પોતે પણ પૂ. શ્રી માનું દર્શન કરતાં કરતાં દોડતા હતા. માથે તગારું લઇને દોડતા અને પરસેવે ન્હાતાં પૂ. શ્રી માના દર્શન કરવામાં પોતાની સેવા ભૂલીને સ્તબ્ધ થઇ જતાં! સૌ આ સેવાલીલાનું વિરલ દર્શન પામીને ધન્ય થઇ ગયા. પૂ. શ્રી માની કૃપાવિના આ વિરલ રૂપદર્શન શક્ય નથી.

પૂ. શ્રી મા પ્રભુનો ઉપકાર ક્યારેય ભૂલતાં નથી. પ્રભુએ આ સેવાનું સૌભાગ્ય આપ્યું તો જ્યારે સેવાકાર્ય પૂરું થયું ત્યારે કુટિયાના પ્રાંગણમાં સૌને બોલાવીને પ્રભુની પ્રાર્થના કરતાં પ્રભુનો આભાર માન્યો.

ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ, કાર્ય અમારું સફળ કર્યું.

પૂ. શ્રી માએ સેવાલીલા દર્શનનું સૌભાગ્ય આપ્યું તો આપણે શું પામ્યા?

* સૌ સેવાલીલાના દર્શનનું સૌભાગ્ય પામ્યા.

* પ્રાણમાં પ્રભુપ્રેમ જાગી જાય ત્યારે તેનું દર્શન કેવું હોય તે સેવાલીલાદર્શનમાં બાળકોએ માણ્યું.

* અંતરમાંથી ઊગેલી સેવાભાવનાની તાલાવેલી રોમેરોમમાંથી કેવી રીતે પ્રત્યક્ષ થઇ જાય છે, તેનું પ્રેરણાદર્શન સૌ બાળકો પામ્યા.

* આજનું કામ અત્યારે જ કરી લેવું જોઇએ, તે પ્રેરણા પૂ. શ્રી માએ સેવાલીલાના દર્શનદ્વારા પૂરી પાડી.

* સેવાને સામેથી શોધવી જોઇએ.

* સેવા પ્રસન્નચિત્તે અને ઉમંગપૂર્વક કરવી જોઇએ.

* સેવામાં અહં સહજ ઓગળી જાય છે.

* સેવા લાંબા સમયસુધી ચાલે ત્યારે એકધારી ચિત્તની પ્રસન્નતા જળવાવી જોઇએ.



* સેવાનું સુખ આપવા બદલ પ્રભુનો આભાર માનવો જોઇએ.

* પ્રભુના કામમાં જેઓ ખીસકોલી બને છે તેઓ પ્રભુકૃપાના લીસોટા જરૂર પામે છે.

* સેવાની વળી શુગ કેવી? મલમૂત્ર સાફ કરવાની પણ સેવા જ છે.

* સેવામાં ઉચ્ચનીચના ભેદ ન હોય, જે સેવા મળે તે કરી છૂટવી જોઇએ.

સ્વર્ગારોહણતીર્થ પૂ. શ્રી મા અને શ્રી પ્રભુનું નિત્યલીલા સ્થાન છે. આ તીર્થની સેવા એ પ્રભુની આરાધનાનું જ સાધન છે. આ તીર્થના દર્શને આવનાર દરેક બાળકે પોતાની સેવા જાતે જ શોધી લેવી જોઇએ. ખીસકોલી બનીને પોતાની શક્તિ પ્રમાણે તીર્થસેવા કરી છૂટવી જોઇએ.

સેવાલીલાદ્વારા પૂ. શ્રી માએ ખરા અંતરપૂર્વકની સેવાનો પદાર્થપાઠ સૌ બાળકોને પૂરો પાડયો છે. પ્રભુએ આપણને જે આવડત, સમજણ અને શક્તિ આપ્યા હોય તેને અનુરૂપ સેવા શોધી લેવી. પછી એ સેવા નળ ફીટ કરવાની હોય, સફાઇ કરવાની હોય, ઇલેક્ટ્રીક કામની હોય, પાણીની હોય, સંડાસ બાથરૂમ સાફ કરવાની હોય, રસોડાની હોય, કે કોઇ પણ સ્વરૂપની હોય પણ તે આપણા પરમશ્રેય માટે છે. એવી સરજ સાથે અંતરની દાઝપૂર્વક થવી જોઇએ.

સ્વર્ગારોહણની સેવા એ પૂ. શ્રી માની પ્રસન્નતા પામવાનું સર્વશ્રેષ્ઠ સાધન છે. જે તપથી નહીં પામી શકાય તે સ્વર્ગારોહણ-

તીર્થની સેવાથી પામી શકાશે તે નિઃસંશય છે. પૂ. શ્રી માની પ્રસન્નતા પામવી તે માના બાળકોનું પરમધ્યેય છે.

પૂ. શ્રી માના પ્રકટ લીલાવિગ્રહની અને તેમના નિત્યલીલાધામની સેવા એ શ્રીમાતૃચરણે નિત્યવાસ કરવા માટેનું સર્વોત્તમ સાધન છે, તપ છે.

માટે શ્રી માતૃચરણે પ્રાર્થના કરીએ.

પાગલ હું તો પ્રેમી, મારી એક જ ઈચ્છા વ્યક્ત કરું,
અનંતકાલ લગી સેવા હું તમારી સાનંદ કરું.


પરિસ્થિતિઓ અને સંજોગોથી પરવશ બની, નિરાશ થઈ બેસી જનાર માણસ જીવનમાં કદી કશું મેળવી શકતો નથી. એથી જ તો અમે ગાયું છેઃ–

રે મન, કદી નિરાશ ના થા,
આવે પાસ નિરાશા તોયે આશાનું ગીત ગા.
કારણ, નિરાશા એ મૃત્યુ છે, આશા એ જીવન છે.

યોગેશ્વરજી

દીપક સી. મહેતા
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૩૯૫ ૦૦૧.




# * સંતવાણી *

યોગેશ્વરજી

યોગમાં પ્રેમયોગ સમ્રાટ,
જગત જેમને વશ તે પ્રભુ પણ, પ્રેમ થકી વશ થાય. યોગમાં૦

લાખો યોગ કરે, કોટિ કરે અનુષ્ઠાન દિનરાત,
પ્રેમપુકાર પડે તો જ મળે અંતે એ રસરાજ. યોગમાં૦

લક્ષ્યપુણ્યબળથી પ્રાપ્ત થતો જ્ઞાનતણો ભંડાર,
કોટિજન્મના પુણ્યબળથકી મળે પ્રેમરસધાર. યોગમાં૦

પ્રેમ ભલે સોંઘો પણ તે તો શીશસટોસટ થાય,
શરીરનો સમતોલ પ્રેમમાં, નાસે છે નાદાન. યોગમાં૦

પ્રેમ ન ઈચ્છે કૈં, દર્શનની પણ ના એને આશ,
સ્વયંતૃપ્ત, એકત્વ દેખતો, વિશુદ્ધિનો અવતાર. યોગમાં૦

અંગ ન ઈચ્છે, શબ્દ ન ઈચ્છે, ઈચ્છે ના ધનધામ,
એક પ્રેમકાજે પોતાની કુરબાન કરે કાય. યોગમાં૦

પ્રેમયોગની પાસે બીજા યોગતણી શી વાત,
મુક્તિસિદ્ધિ પણ પ્રેમબિંદુને પીવાને લલચાય. યોગમાં૦

રાધાનારદ શંકરશબરી કરી પ્રેમમાં સ્નાન,
આપ ભૂલ્યાં, કૃતકૃત્ય થયાં, એના તે જશ કો ગાય? યોગમાં૦

સાધુ, પ્રેમ બનતો પ્રભુ બનશે એ સંતન નિરધાર,
પ્રભુ એ પ્રેમ, પ્રેમ એ પ્રભુ છે, બે એક તત્ત્વનાં નામ. યોગમાં૦

# કૃપાપાત્ર પ્રેમીભક્ત શ્રી માધવદાસજી

પ્રા. બિપિન પટેલ

ભગવાનની લીલા અપાર છે; તેનો પાર કોઈ પામી શકતું નથી. ભક્ત જેમ ભગવાન માટે ઝૂરે છે—તડપે છે તેમ ભગવાનને પણ ભક્તવિના ગમતું નથી. ભક્તના દર્શન માટે તેમનાં નયનો સદૈવ ઉત્સુક રહે છે. એવું પણ બને છે કે ભક્ત માંદો હોય તો ભગવાન તેની સેવા સુશ્રૂષા પણ કરે છે! કેવા બડભાગી હશે એ ભક્તો કે જેની સેવા ખુદ ભગવાન કરે! કેવી અદ્વિતીય અને અચળ ભક્તિ હશે એ ભક્તોની! સાચા અર્થમાં એ ભક્તો ભગવાનથી અવિભક્ત હશે! એવા જ એક ભક્ત એટલે પ્રેમીભક્ત શ્રી માધવદાસજી!

જન્મે તેઓ કાન્યકુબ્જ બ્રાહ્મણ!

બુદ્ધિ તેમની તેજસ્વી! પાંડિત્ય તો તેમનું ગજબનું! તેઓ ધારે તો ભલભલા પંડિતોને શાસ્ત્રાર્થમાં હરાવી શકે—દિગ્વિજય કરવા નીકળે તો અવશ્ય દિગ્વિજયી બને. પરંતુ...?! તેમને શાસ્ત્રાર્થમાં નહિ પરંતુ ભક્તિમાં રસ હતો; પંડિતાઈમાં નહીં પરંતુ ભગવત્ પ્રીતિમાં રસ હતો. શૈશવકાળથી જ પરમાત્મા પ્રત્યેની અદ્ભુત પ્રીતિના અંકુર તેમને હૈયે ફૂટી ચૂક્યા હતા. ઇચ્છા તો ન હતી, પરંતુ વડીલોના આગ્રહથી તેમણે સંસારમાં પ્રવેશ કર્યો હતો. પરાણે સંસારરથ ખેંચતાં ખેંચતાં તેમણે નક્કી કર્યું કે બાળકો જરા મોટાં થાય, એટલે સંસારનો ત્યાગ કરીને ચાલી નીકળવું છે.

પરંતુ...?



બન્યું કંઈક ઊંધું જ...! અચાનક પત્નીનું અવસાન થયું. ધાર્યું તો હતું કે...બાળકો જરા મોટાં થાય એટલે તેમને પત્નીને ભરોસે છોડીને... ગૃહત્યાગ કરવો છે. પરંતુ...!

ચાલો! જેવી પરમાત્માની ઇચ્છા! શાસ્ત્રોએ તો તેમને વારંવાર દર્શાવ્યું હતું કે... હે માધવદાસ! આ સંસાર અસાર છે! માયાના બંધનમાં ફસાયેલો જીવ ભવસાગર તરવામાં અસમર્થ છે. પત્ની, બાળ, માનપ્રતિષ્ઠા એ બધાં માયાનાં જ વિવિધ રૂપો છે!

પત્નીના મૃત્યુ પછી ઊંડા ચિંતનમાં રહેવા લાગ્યા માધવદાસ! પ્રત્યક્ષ અનુભવ કરી લીધો તેમણે કે આ સંસાર અસાર છે; મિથ્યા છે; ક્ષણભંગુર છે! આ જીવનનો કોઈ ભરોસો નથી. કઈ ક્ષણ જીવનની અંતિમ ક્ષણ હશે એ કોઈ જાણતું નથી. એક માત્ર પરમાત્મા જ સત્ય છે; નિત્ય છે—બીજું બધું અસત્ય છે, અનિત્ય છે—મિથ્યા છે. તેથી સાંસારિક સંબંધો પણ મિથ્યા જ છે. એક માત્ર પરમાત્મા સાથેનો જ સંબંધ સાચો છે. પરમાત્મા જ સર્વત્ર બિરાજમાન છે; પરમાત્મા જ સર્વસત્તાધીશ છે.

તો પછી...?

અરે! જે મારાં નથી તેને મારાં માનવાનો મને શો અધિકાર છે? એક માત્ર પરમાત્મા જ સૌના સાચા સુહૃદ છે—પરમાત્મા જ જગતનું પાલન, પોષણ અને સંહારકર્તા છે. તો પછી...હું કેવી રીતે વિચારી શકું કે આ પરિવાર, આ બાળકોનું પાલનપોષણ હું કરું છું?

કેટલાક દિવસોના આવા વિચારમંથન પછી તેમણે ગૃહત્યાગ કર્યો. પહોંચી ગયા ભગવાનના ધામ—જગન્નાથપુરીમાં! જાણે રણમાં ભટકતા પ્યાસા પથિકને ઝરણું મળી ગયું હોય તેમ જગન્નાથપુરી પહોંચતાં જ માધવદાસજીનું હૈયું પરમાત્માના

પ્રેમનું અમૃતપાન કરતાં કરતાં સુધબુધ ગુમાવી બેઠું! જગન્નાથપુરીના દરિયાકિનારે પડી રહેલા માધવદાસને ન ભૂખ લાગી! ન તરસ લાગી! નજરોમાં તેમની બસ કેવળ તેમના પ્રાણપ્યારા પરમાત્માની મૂર્તિ જ સ્થિર રહેવા લાગી. એક તું જ મારો આધાર! તું જ મારો પ્રાણ! સંસારની માયા તો છૂટી ગઇ! ભગવાનની માયા લાગી ગઇ!! ભગવાનના ધ્યાનમાં...એ જ હાલતમાં ત્રણ દિવસ પસાર થઇ ગયા. એક ઉત્કટ પ્યાસ ઊઠી છે હૈયે પ્રભુને પામવાની.

રાત્રિ ધીરે ધીરે આગળ વધી રહી હતી...!

'મારો ભક્ત... ત્રણ ત્રણ દિવસથી ભૂખ્યો તડપે અને હું...? ના...! મારાથી હવે રહેવાતું નથી!' પુરીના મંદિરમાં ભગવાનને અકળામણ થવા લાગી. લક્ષ્મીજી પામી ગયાં ભગવાનની વેદનાને! શયનભોગનો થાળ સામે જ પડયો હતો. ભગવાનના હૈયાની વાણીને સમજી જતાં—તેમનો આદેશ શિરોધાર્ય કરતાં સોનાનો એ થાળ ભોગ સામગ્રીઓ સહિત લઇને લક્ષ્મીજી તો પહોંચી ગયાં—માધવદાસજી સમક્ષ. ધ્યાનમગ્ન માધવદાસજીને નૂપુરનો રણકાર તો સંભળાયો ખરો! પરંતુ ચિત્તમાં તો ચિત્તચોર આવીને બેઠો હતો એટલે બાહ્ય શ્રવણે વિશેષ અસર કરી નહિ. પ્રભુના પ્યારા ભક્તનાં દર્શન કરી; તેમની સમક્ષ શયનભોગનો થાળ મૂકીને લક્ષ્મીજી તો અંતર્ધાન થઇ ગયાં.

કેટલાક સમય પછી માધવદાસજીના ધ્યાનનો ભંગ થતાં... તેમણે સાશ્ચર્ય જોયું તો...સામે જ સોનાનો થાળ અને તેમાં વિવિધ પકવાન છે. "વાહ! મારા વ્હાલાને મારી ચિંતા થઇ ખરી!" તેમને સમજતાં વાર ન લાગી કે આ ભગવાનની જ લીલા છે. ભગવાન જગન્નાથજીની પ્રસાદી સમજી તેનો ઉપભોગ કરી થાળ એક બાજુએ મૂકીને તેઓ પુનઃ ભગવાનના ધ્યાનમાં નિમગ્ન બન્યા!



સવારે પૂજારીજીએ જ્યારે મંદિરનાં દ્વાર ખોલ્યાં તો...શયનભોગનો સોનાનો થાળ ગાયબ!

તરત જ ચારે તરફ તેની શોધ થવા લાગી.

સેવકો ચારે તરફ નીકળી પડયા.

ધ્યાનમગ્ન માધવદાસજી પાસે પડેલો થાળ મળી આવ્યો.

'ચોર પકડાઇ ગયો!' સેવકો માધવદાસજીને હંટરવડે મારતા મારતા મંદિરે લઇ ગયા.

'આ પણ તારી જ લીલા! વાહ મારા પ્રભુ! વાહ! માલમલિદા ખવડાવ્યા રાત્રે ને સવારે પડયો હંટરનો માર! જેવી તારી મરજી મારા પ્રભુ!' મનમાં ને મનમાં પરમાત્માનું જ ચિંતન કરતાં માધવદાસજી તો એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના બધું સહન કરતા રહ્યા. પૂજારીજીએ તેમને દોરીથી બાંધી દીધા. માધવદાસજી તો હસતા જ રહ્યા.

રાત્રે...ભગવાને પૂજારીજીને સ્વપ્નામાં પોતાની પીઠ ખુલ્લી કરીને બતાવતાં કહ્યું; 'અરે ઓ મૂર્ખ! તમે મારા ભક્ત માધવદાસજીને નહિ પરંતુ મને માર્યો છે. જુઓ! આ નિશાન...! કાન ખોલીને સાંભળો! ત્રણ—ત્રણ દિવસથી ભૂખ્યા મારા ભક્તની ભૂખ સંતોષવા માટે મેં જ લક્ષ્મીજીદ્વારા એ થાળ ત્યાં પહોંચાડયો હતો. માધવદાસના પગ પકડીને ક્ષમા માગો. નહિ તો...?' ગભરાયેલા પૂજારીજી જાગી ગયા. અને પ્રાતઃકાલીન પ્રભુસેવા દરમિયાન તેમને એ વાતની પ્રતીતિ થઇ ગઇ કે સ્વપ્નું સાચું છે.

કારણ કે ભગવાન જગન્નાથજીની મૂર્તિનો પીઠનો ભાગ ઠેર ઠેરથી સૂજી ગયો હતો.

ભગવાનના ભક્તનો ભારે અપરાધ કર્યાનો પસ્તાવો તેમને થવા લાગ્યો. તરત જ દોડી જઇને તેમણે માધવદાસજીને બંધન-મુક્ત કરીને તેમના પગ પકડીને ક્ષમાયાચના કરી. માધવદાસજીને તો ખૂબ સંકોચ થયો—વાત જાણીને.

થોડી જ ક્ષણોમાં આ ઘટના ફેલાઇ ગઇ સમગ્ર નગરમાં!

પછી તો....

જગન્નાથજીના મંદિરમાં બેસીને સદૈવ ધ્યાનમગ્ન રહેવાનો તેમનો નિત્યક્રમ બની ગયો. કલાકો સુધી પરમાત્મા સમક્ષ બેસી રહેવું—અશ્રુપાત કરવા—ભાન ભૂલી જવું....એ બધું સહજ બની ગયું તેમને માટે.

એકવાર એવું બન્યું કે...માધવદાસ પોતાની રીતે ભગવાન જગન્નાથના ધ્યાનમાં નિમગ્ન હતા. સમય થતાં મંદિરના દર-વાજા બંધ કરી પૂજારીજી તો ચાલ્યા ગયા. મોડી રાત્રે માધવ-દાસજી ધ્યાનભંગ થયા ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે પોતે તો મંદિરમાં બંધ છે. 'ચાલો—જેવી મારા વ્હાલાની મરજી!' એમ વિચારીને તેમણે એક ખૂણામાં લંબાવ્યું. રાત્રિ પસાર થતી રહી. ઠંડી વધવા લાગી. ભક્ત ટૂંટિયું વાળીને ધ્રૂજવા લાગ્યા. ભક્તની ભગવાન સાથેની આત્મિક એકતા તો હતી જ. ભગવાનને ખ્યાલ આવી ગયો કે મારો ભક્ત ઠંડીમાં ધ્રૂજી રહ્યો છે. તરત જ તેમણે પોતાની એક રજાઇ ભક્તને ઓઢાડી દીધી. ભક્ત શાંતિથી પોઢી ગયા. ભગવાનને આનંદ થયો. માધવદાસજીએ સવારે ઊઠતાં જ પોતાના શરીર પર રજાઇ જોઇ તો...? તરત જ તેમને ખ્યાલ



આવી ગયો કે... આ તો મારા પ્રિયતમનું કામ! ને પરમાત્મા પ્રત્યેના અહોભાવથી તેમનું હૃદય ભરાઇ આવ્યું. આંખો રડી પડી. રૂદન ક્યાંય સુધી ચાલું રહ્યું!

પરમાત્માની કરુણાની ચરમસીમા તો ત્યારે આવી કે....

એકવાર માધવદાસજીને અતિસાર થઇ ગયો. વારંવાર જાજરૂ જવું પડે. પડી રહ્યા તેઓ દરિયા કિનારે. વધારે પડતા ઝાડા થવાને કારણે તેઓ ખૂબ અશક્ત થઇ ગયા. એક સ્થિતિ એવી આવી ગઇ કે અત્યંત શિથિલ થઇ જવાને કારણે જ્યારે તેઓ જાજરૂ જઇને—ઊભા થઇને પાણી લેવા ગયા તો...તેઓ એક ડગલું પણ ભરી ના શક્યા. પડયા નીચે, લગભગ અર્ધબેભાન દશામાં. ભક્તવત્સલ ભગવાન દોડી આવ્યા. પાણી લીધું. માધવ-દાસજીનું શરીર સાફ કર્યું. આ ક્રમ ચાલતો રહ્યો—દિવસો સુધી. ધીરે ધીરે માધવદાસજી પુનઃ સ્વસ્થ થયા. માધવદાસજીને જ્યારે ભગવાનની આ અનોખી લીલાનું જ્ઞાન થયું ત્યારે તો જગન્નાથજી સમક્ષ તેમની આંખોમાંથી કલાકોસુધી અશ્રુ ખરતાં રહ્યાં. 'પ્રભુ! તમે મારે માટે આટલું બધું કષ્ટ વેઠયું?! હું અભાગીયો! તમારી પાસે સેવા કરાવી મેં?! કયા જન્મમાં આ પાપની સજા હું ભોગવીશ? તેમણે જોયું તો જગન્નાથજીની મૂર્તિ મલકાઇ રહી હતી—જાણે કહેતી ન હોય કે ભક્તની સેવા કરવાનું મારા નસીબ-માં ક્યાંથી? આવી તક તો હું શોધતો જ રહું છું. અને મારા પ્રિય ભક્તની સેવા કરીને ધન્યતા અનુભવું છું.

જગન્નાથપુરી રહેતાં રહેતાં ઘણો લાંબો સમય પસાર થઇ ગયો.

એકવાર તેમને શ્રી વ્રજધામ—શ્રી વૃંદાવનના દર્શન કરવાની

ઇચ્છા થઇ. નીકળી પડયા તેઓ. ચિત્તમાં ચિત્તચોર પરમાત્મા અને હોઠે પરમાત્માનું નામ! ભાવવિભોર માધવદાસજી તો પહોંચી ગયા વૃંદાવનધામ! વૃંદાવન પહોંચી–ભગવાનની લીલા-સ્થલીના પ્રત્યક્ષ દર્શનથી તેઓ અતિ રોમાંચિત થઇ ગયા. જ્યારે તેઓ બિહારીજીના મંદિરમાં પહોંચ્યા ત્યારે ત્યાં ચણા વ્હેંચાતા હતા. તેમણે ચણા લીધા. અને પહોંચ્યા યમુના તટે! મનોમન ભગ-વાનને ચણાનો ભોગ લગાવીને તેમણે ચણા ખાવા માંડયા. એ જ સમયે મંદિરમાં સ્વામી શ્રી હરિદાસજી ભાતભાતના પકવાનો-નો થાળ ભગવાન સમક્ષ ધરી ભગવાનને ભોગ ધરાવી રહ્યા હતા.

ભગવાન સમક્ષ થાળ ધરીને...શાંતચિત્તે એકાગ્રતાપૂર્વક તેઓ ભગવાનના ધ્યાનમાં નિમગ્ન બન્યા.

એક...બે....ત્રણ....

ક્ષણો પસાર થતી રહી!

મારા પ્રિય ભક્ત માધવદાસે મને હમણાં જ ચણા ખવડાવ્યા છે એટલે મારું પેટ ભરેલું છે. મને ખાવાની ઇચ્છા નથી...' અચાનક સ્વામી શ્રી હરિદાસજીએ શબ્દો સાંભળ્યા. તેમને ખૂબ આશ્ચર્ય થયું. 'હા! મારો એક પ્રિય ભક્ત જગન્નાથપુરીથી આવ્યો છે. અને અત્યારે તે યમુનાજીના કિનારે બેઠો છે...' ભગવાનના શબ્દો પુનઃ સાંભળ્યા તેમણે. સ્વામી હરિદાસજી તરત જ યમુના તટે પહોંચ્યા. ત્યાં માધવદાસજી જેવા પરમભક્તના દર્શન કરી તેમની આંખો ધન્ય બની.

કેટલોક સમય વૃંદાવનમાં રોકાયા પછી તેમણે પુનઃ જગન્નાથ-પુરી તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં પોતાનું ગામ આવતું હતું. ગામ છોડયાને ખાસ્સો સમય થઇ ગયો હોવાથી–અને પોતે સંતવેશમાં



હોવાથી ગ્રામજનો માટે તેઓ અપરિચિત જ હતા. અજાણ્યા સંત તરીકે જ તેમણે પોતાના ઘરની મુલાકાત લીધી. માતાજીએ તેમને આગ્રહ કરીને જમવા બેસાડયા. જમતાં જમતાં વાતવાતમાં માધવદાસે કહ્યું કે...'હું તો જગન્નાથપુરીમાં રહું છું...'

'તો...તો...તમે મારા મધુવાને ઓળખતા હશો...' માતાજીએ સહજ જીજ્ઞાસાવશ પૂછ્યું.

'અરે! માતાજી! હું જ તમારો મધુવો...છું...' હવે માધવ-દાસજીએ સત્ય વાત કહેવી જ પડી.

'ના હોય તું મારો મધુવો. મેં સાંભળ્યું છે કે મારા મધુવા ઉપર તો જગન્નાથજીની ભારે કૃપા છે. તેઓ તો મારા મધુવાને સાક્ષાત્ દર્શન આપી તેમની સાથે વાત પણ કરે છે; જે રીતે આપણે અત્યારે વાત કરીએ છીએ તેમ...! એવા કરુણાળુ ભક્ત-વત્સલ ભગવાનને છોડીને પરિવારના મોહથી આકર્ષાયને જો મારો મધુવો અહીં આવ્યો હોય તો મને ધિક્કાર છે, એવા નગુણા પુત્રને જન્મ આપવા બદલ!' માતાજી રડવા લાગ્યાં.

માધવદાસજીની આંખો ચમકી ઊઠી! રડતી માતાના ચરણો-માં પ્રણામ કરી તરત જ તેઓ ચાલી નીકળ્યા.

'જ્યાંસુધી પુરી પહોંચીને ભગવાનનાં દર્શન ન કરું ત્યાંસુધી અન્નજળ મારે માટે હરામ બરાબર છે...' માતાજી પ્રત્યે ગૌરવની લાગણી અનુભવતાં–મનમાં ગાંઠ વાળીને માધવદાસજી નીકળી પડયા. ત્રણ દિવસની સતત મુસાફરી પછી તેઓ જગન્નાથપુરી પહોંચ્યા. ભગવાનના ચરણોમાં પડયા. તેમણે એવું અનુભવ્યું કે ભગવાનની આંખોમાં આંસુ ઊભરાતાં હતાં અને તેમની થોડે દૂર ઊભેલાં જન્મદાત્રી માતાજીની આંખોમાં હેત–પ્રેમ–વાત્સલ્ય અને આશીર્વાદ ચમકી રહ્યાં હતાં! □

આજે આપણી ચારે પાસે નજર નાંખો તો શું જોવા મળે છે? મોટાભાગના માણસો નદીના પ્રવાહમાં તણાઈને જતા લાકડાંઓની જેમ–પરવશપણે–જીવન પસાર કરતા દેખાય છે. તેઓના જીવનમાં કોઈ ધ્યેયલક્ષિતા નથી. સઢ અને હલેસાં વગરની હોડીમાં બેઠેલા પ્રવાસીના જેવી તેમની દશા છે. ભૌતિક આબાદી કે કારકીર્દી માટેની પણ ખ્વાયેશ કેટલામાં જણાય છે? અતિ અલ્પમાં. તો પ્રભુના પંથે પડી કંઈક આ જીવનમાં જ પ્રાપ્ત કરી લેવાની તમન્ના તો ખરે જ કરોડોમાં કોઈક સદ્‌ભાગીના જીવનમાં જ લખાયેલી હોય છે. તો વળી તે ધ્યેયની સંસિદ્ધિ માટે મરી ફીટવાની તૈયારી તો અરે, કોઈક વિરલ વ્યક્તિના જીવનમાં જોવા મળે છે. આવા બડભાગી વિરલ-થી જ તો આ ધરતી ખરેખર ધન્ય બને છે. યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

" નિરાંત "
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫ ૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩
મોબાઈલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E–mail :
hpathakji@yahoo.Com



પ. પૂ. મહાત્મા

# શ્રી યોગેશ્વરજીનું એક અનોખું દર્શન

શ્રી વિજય પાલનપુરી

અંબાજી, તા. ૨–૬–૧૯૮૧, પાલનપુરથી આવેલા સૌ સત્સંગીઓ.

વ્હાલા મા–પ્રભુ મહાત્મા યોગેશ્વરજી અને મા સર્વેશ્વરી સાથે ફરવા આવ્યા છે. સ્વાનુભવ સંપન્ન, સમર્થ સદ્‌ગુરુની સાથે રસ્તામાં સરસ સત્સંગની વાતો થઈ. ચાલતા ચાલતા બસસ્ટેન્ડ આવ્યું. પાલનપુર જનારાઓએ બજાર વચ્ચે ઘૂંટણીએ પડીને સૌએ પ્રણામ કર્યાં. પૂ. મા કહે, "બજાર વચ્ચે શું પ્રણામ કરવા? લોકો જુએ."

શ્રી રેવાશંકરભાઈ બોલ્યા, લોકોથી ડરીને ક્યાંસુધી જીવવાનું? પૂ. મા શાંતપણે હસ્યાં ને શ્રદ્ધા,ભક્તિ જોઈ પ્રસન્ન થયાં.

પાલનપુર જનારા સૌ ભક્તો વિદાય થયા, સૌનાય મુખપર દર્શન–સત્સંગનો આનંદ હતો. અંબાજીમાં શ્રી સદ્‌ગુરુચરણની યાત્રાનો સંતોષ દેખાઈ આવતો હતો.

અમે પણ વ્હાલા મા–પ્રભુ સાથે શ્રી અંબાજીમાતાના મંદિરે જવા રવાના થયા. બજારમાં આરસની મૂર્તિઓની દુકાન આવતાં પૂ. મા, પ્રભુશ્રીની રજા લઈ એક દુકાનમાં શ્રી કૃષ્ણ ભગવાનની મૂર્તિ જોવા ને પસંદ પડે તો ખરીદવા ગયાં. પૂ. માના ગયા પછી તરત જ પ્રભુશ્રીએ અમને કહ્યું, "તમે મા સાથે જાઓ." અમે દોડીને પૂ. મા જે દુકાને ગયાં હતાં, ત્યાં ગયા. અમને જોતાં જ

પૂ. મા કહે, "તમે મહાત્માજીની સાથે રહો." ને અમે તરત પ્રભુ-શ્રી પાસે ગયા. અમને જોતાં જ પ્રભુશ્રીએ ધીમેથી કહ્યું, "તમે મા સાથે જ રહો." અમે ફરી પાછા મા હતાં તે દુકાને ગયા. પૂ. મા સ્મિત કરી બોલ્યાં, "કેમ? (અમે કાંઇ જ જવાબ ના આપ્યો). પૂ. માએ ભાર દઇને કહ્યું, "તમે.... મહાત્માજી સાથે રહો." ને અમે પાછા પ્રભુશ્રી પાસે આવ્યા. બે ડગલાં પ્રભુશ્રીની સાથે ચાલ્યા. ત્યાં તો પ્રભુશ્રીનું ધ્યાન ખેંચાયું. ને જોતાં જ બોલ્યા, "તમે મા સાથે રહો. માને કંઇ કામ હોય તો! ઉપયોગી થઇ શકાય."

અમે વિચાર કરતા પાછા પૂ. મા પાસે ચાલ્યા. મનમાં થયું કે આ શું લીલા થઇ રહી છે? પ્રભુશ્રી કહે, મા પાસે જાઓ અને પૂ. મા કહે પ્રભુ પાસે જાઓ. ત્રીજી વખત પૂ. મા પાસે ગયા. પૂ. માને જોતાં જ અમારાથી હળવું હસી પડાયું. પૂ. મા પણ હસ્યાં ને બોલ્યાં. "મને કંઇ કામ નથી, (જેથી) તમે મહાત્માજીની સાથે જ રહો." અમે મૌનસેવી ચાલ્યા પ્રભુ પાસે. વિચાર આવ્યો કે હવે તો પ્રભુશ્રીની પાછળ પાછળ જ ચાલવું; અને કર્યું પણ એમ જ.

અમે પ્રભુશ્રીની પાછળ પ્રભુશ્રીની જે ચાલ હતી તે રીતે ધીમે પગલે લગભગ દસેક મિનિટ ચાલ્યા હોઇશું. ત્યાં જ પાછળથી મોટો ખટારો આવતો હતો. તેણે હોર્ન વગાડયું. અમે તો રસ્તાની બાજુ પર ખસી ગયા. પણ પ્રભુશ્રી તો એ જ ધીમે પગલે મસ્તી-થી રસ્તા વચ્ચે ચાલતા રહ્યા. ખટારો પાસે આવી રહ્યો. ડ્રાયવરે હોર્ન વગાડવાનું ચાલુ રાખ્યું. પણ પ્રભુશ્રી તો જાણે બાહ્યભાનથી રહિત હોય તેમ ધીરે ધીરે ચાલતા રહ્યા. અતિશાંતપણે યંત્રવત્ ચાલતા હોય તેમ. ડ્રાયવરની ધીરજ ખૂટી ને તેણે વાહનની ઝડપ વધારી. તેનો ઇરાદો કદાચ, વાહનને પ્રભુશ્રીને અડકાડવાનો ને એમની ભૂલ બતાવવાનો હતો. અમે તરત જ પ્રભુશ્રી અને એ



વાહનની વચ્ચે આવી ગયા. ડ્રાયવર જો નશામાં હોય તો પ્રભુશ્રી-ને વાહનનો ધક્કો લાગી જાય ને નુકશાન થઇ જાય. એથી બંને-ની વચ્ચે આવી ગયા. ડ્રાયવર બૂમો પાડે પણ પ્રભુશ્રી એ જ મસ્તીભરી શાંત ચાલે ચાલતા રહ્યા. છેવટે સમય સંજોગ જોઇ, પ્રભુશ્રીને ખલેલ પહોંચાડવાની ઇચ્છા ન હોવા છતાં અમારે કહેવું પડયું "પ્રભુ... પાછળ ખટારો આવે છે. પ્રભુશ્રીએ સાંભળ્યું જ નહીં. અને એ જ શાંતિની પ્રગાઢ અવસ્થામાં ચાલતા રહ્યા.

ટ્રક ડ્રાયવર હોર્ન પર હોર્ન વગાડતો બબડતો રહ્યો. આજુ-બાજુના લોકો પણ પ્રભુશ્રીની આ અવસ્થાને સમજી ન શક્યા ને કુતૂહલભરી નજરે જોતા હતા. અમે ફરીવાર પ્રભુશ્રીને જરા મોટા અવાજે કહ્યું પ્રભુ, "પાછળ વાહન આવે છે." એમને ઊંડી અવસ્થામાંથી અનિચ્છાએ બાહ્યાચારમાં આવવું પડયું હોય તેમ અમારી સામું જોઇને બોલ્યા. "બાજુમાંથી ચાલ્યા જાય." અમે કહ્યું, "આપણે થોડાક રસ્તા વચ્ચે છીએ, ને પ્રભુશ્રી એ જ શાંતિથી કંઇ પણ બોલ્યાવિના ગભરામણની ચંચળતાવિના, કશી પણ ઉતાવળ કર્યાવિના, વાહન કે લોકો સામે દૃષ્ટિપાત સુધ્ધાં ન કરતાં. જાણે કશું જ બન્યું નથી, તેવી રીતે શાંતિથી ધીરે રહીને રસ્તાની બાજુપર ખસી આવ્યા. વાહન ચાલક વાહનને હંકારતાં—બબડતો આગળ વધ્યો ને પ્રભુશ્રી સામે આશ્ચર્યથી જોતો જોતો ચાલ્યો ગયો. પ્રભુશ્રીએ વાહન સામે પણ ના જોયું. એ જ અંત-રંગની દુનિયામાં મસ્તીથી મસ્ત બની ચાલતા રહ્યા.

અમને વિચાર આવ્યો કે પ્રભુશ્રી આ ભરબજારનો આટલો બધો કોલાહલ હોવા છતાં અંતરની દુનિયામાં એવા તો ડૂબી ગયા કે પાછળ ૧૦ ફૂટના અંતરે આવતા વાહનનું હોર્ન પણ સંભળાયું

નહીં. એકદમ પાસેથી ઉચ્ચારેલા અમારા શબ્દો પણ પહેલીવાર સંભળાયા નહીં. ને સાંભળ્યા પછી પણ એવી રીતે રસ્તાની બાજુ પર ખસી આવ્યા કે એ વાહન સામે પણ જોયું નહીં. લોકોની પણ સામે જોયું નહીં. જાણે કે પ્રભુશ્રી માટે આ સમયે જગતનું અસ્તિત્વ જ નથી. પોતાની જ અંતરંગ દુનિયામાં મગ્ન હતા. ભાગવતમાં શ્રી શુકદેવ, ઋષભદેવ વગેરે મહાપુરુષોના જીવનમાં આવી અવસ્થાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેઓ આત્મભાવની ઊંડી અવસ્થામાં નિમગ્ન બની ચાલતા રહે છે. કંઇ પણ વ્યવહારની–દેહની–આજુબાજુના વાતાવરણની ખબર નથી રહેતી. અવધૂત યોગીઓ સ્વરૂપમાં મગ્ન બની વિહરે–એમ આજે પ્રભુશ્રીનું મન પણ અંતરના એકાંતમાં ડૂબી ગયેલું લાગ્યું.

મનમાં વિચારો આવ્યા કે પ્રભુશ્રીનું મન એ ક્યાં પહોંચી ગયું હશે? શું એ પોતાના ઇષ્ટદેવના દિવ્યદર્શનના સાન્નિધ્યે પહોંચી ગયું હશે કે પછી આત્માનો સંસ્પર્શ પામ્યું અને તેની મસ્તી ચઢી આવી અથવા કોઇ અન્ય દિવ્ય અલૌકિક અનુભૂતિમાં ડૂબી ગયું હશે? આવા પ્રશ્નો થયા પણ પ્રભુશ્રીની એ શાંત, ધીર, ગંભીર અવસ્થામાં પ્રશ્નો પૂછીને વિક્ષેપ કરવાનું મન ના થયું.

પ્રશ્નો ગૌણ બની ગયા. ને એ અલૌકિક અસામાન્ય અવસ્થાના દર્શનથી જ ઘણું ઘણું ભાથું મળી રહ્યું. બજારની ધમાલ વચ્ચે વાહનના હોર્નનો અવાજ–ચાલકની બૂમો એ બધું જોતાં સમજાય છે કે એ સામાન્ય અવસ્થા હોત તો આ બધાથી મન વિક્ષિપ્ત થયા વિના રહે નહીં. પણ તેમ ના થયું.

પૂ. માએ આબુમાં એક વખત કહેલું કે "આપણા સૌના કલ્યાણ માટે પૂ. શ્રીને નીચેની ભૂમિકાએ (વ્યાવહારિક જગતમાં) રાખવા માટે કોઇને કોઇ ઉપાય કરતા રહેવું પડે છે." "કેટલીક વખત કામ ના હોય તોપણ કામ શોધીને પણ વ્યાવહારિક જગતમાં રાખવા પડે છે." "નહીં તો એ મહાપુરુષ તો પોતાનામાં જ ડૂબેલા (આત્મભાવમાં–સ્વરૂપ સમાધિમાં) રહે." એથી જ પૂ. માએ પ્રભુશ્રી સાથે રહેવાનો અતિ આગ્રહ કર્યો હતો કારણ કે પૂ. મા જાણતાં હતાં કે પ્રભુશ્રીનું મન ક્યારે અંતરના એકાંતમાં સરી પડે તે કંઇ કહેવાય નહીં.



બીજું આ પ્રસંગમાં પ્રભુશ્રીનો પૂ. મા માટેનો અકલ્પનીય પ્રેમ, આદરભાવ, સેવાભાવ વ્યક્ત થાય છે. તો એવી જ રીતે પ્રભુશ્રીને સમજીને એમની સંભાળ રાખવાની સેવાભક્તિ સભર અકલ્પનીય ભાવના પૂ. મામાં પણ જોવા મળી.

એક સાધક તરીકે આ પ્રસંગે અમને પ્રેરણા મળી કે "સાધકે સાધનાદ્વારા મનની કમ સે કમ એવી અવસ્થા તો નિર્માણ કરવી જ જોઇએ કે સાધક ધારે ત્યારે ભરબજારમાં, વિઘ્નો વચ્ચે પણ પોતાના આત્મામાં કે ઇષ્ટદેવના દર્શને–શ્રવણે–એકતાર થઇ શકે. અંતરના એકાંતમાં ડૂબી શકાય. સહજ સમાધિમાં મસ્ત થઇ જવાય–દુનિયા દેહ બધું જ ગૌણ બની જાય.

જીવનમાં ક્યારેક જ આવા દિવ્ય અવસ્થાવાળા મહાપુરુષના દર્શન પરમાત્માની પરમ કૃપાથી થાય. અમને પરમાત્માની પરમ કૃપાથી આ મહાપુરુષ ભગવંતપદે આસીન એવાના દર્શન–સત્સંગનો લ્હાવો મળ્યો. પ. પૂ. માની કૃપાથી આજે પ્રભુશ્રીની આ દિવ્ય અલૌકિક અવસ્થાનાં દર્શન થયાં.

દર્શન અવિસ્મરણીય બની રહ્યું, જીવનનું ધ્યેય તેના પરમ રસ મંડિત શાંત મધુર દર્શનના રૂપમાં મળી ગયું. તેનો પરમ આનંદ થયો.

એ દર્શનથી સહેજે પ્રભુશ્રીની બાવની પૂ. માએ લખી, તેમાંના શબ્દોનું સ્મરણ થઇ આવે છે.

જ્ઞાન, ધ્યાન ભક્તિ વૈરાગ, આતમનો આપો આનુરાગ.<br>
કરો પવિત્ર સદા અમને, પ્રાર્થીએ નિશદિન તમને.<br>
ભૂલીયે નીજરૂપ નહીં, લીમ બનીએ નહીં કહીં.

પરમ કૃપાળુ વ્હાલા મા–પ્રભુ આપણને પણ એ અવસ્થાએ આસીન થવામાં નિત્ય નિરંતર સહાય કરો. કૃપા વર્ષા કરો એ જ પ્રાર્થના.

પ્રણામ.

જીવનનું ધ્યેય કદી પણ નીચું ના રાખો. પ્રભુપ્રાપ્તિ કરતાં કોઇ ધ્યેય વધુ ઊંચુ નથી.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭<br>
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન<br>
"સત્યવાન" તથા "ચંદન"<br>
૬, ૮ તથા ૧૦ હો. પા.

–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨



## MAA SARWESHWARI

**Shital**

My name is Shital..... and my experience with Maa had come about most unexpectedly. I needed to pass a final exam in order to start my career in pharmacy. Maa called me from New Jersey and I half listened to what she had said, probably doing so for the sake of my parents. I cannot explain how, but after I spoke with Maa, I felt intensely focused. I gave it no second thought and began my studies. To my surprise, Maa called a second time. I thought to myself, this person certainly is determined to bless me in my upcoming challenge. This time, listened more closely to Maa, I felt as if she were both blessing and guiding me at the same time. Maa spoke to me for 45 minutes and if my memory serves me correct, she had said that we would meet after I passed my exam. At that point, I was utterly confident that I would achieve my goal. To make a long story short, I performed so

well in my exam that I knew that I had passed before I walked out of the examination room.

Since then, my life has changed so much. With Maa's blessings, I have been married happily for the past two years. At the very time of my engagement, I was offered an opportunity to open my own dispensary. I feel that Maa's influence has caused me to become a more caring and compassionate person. To look for the good in people and have concern for our fellow mankind. I do not know how, but I am certain that this knowledge has come through from one person and that one person is Maa. I am so blessed to have Maa in my life and I look happily forward to Maa's guidance in my life.

O



# મા સર્વેશ્વરી

લેખક : શીતલ
અનુવાદ : તંત્રી

મારું નામ શીતલ છે... પૂ. મા સાથેનો મારો પરિચય ખૂબ અણધારી રીતે થયો. ફાર્મસીની મારી કારકીર્દી શરૂ કરવા માટે, મારે મારી તે અંગેની ફાયનલ પરીક્ષા પાસ કરવી જરૂરી હતી, પૂ. માએ મારી સાથે ન્યુ જર્સીથી ફોનપર વાત કરી, પરંતુ મારા મા–બાપના સંતોષ ખાતર (મને ઇચ્છા ન હોવાથી) પૂ. માએ જે કહ્યું તે અધરું–અડધું સાંભળ્યું. પૂ. મા સાથે વાત કર્યા પછી કોણ જાણે કેમ હું એકદમ એકાગ્ર બની ગઇ. આ કેમ બન્યું તે હું સમજાવી શકું નહિ. તે સંબંધી વધુ વિચાર કર્યાવિના હું મારા અભ્યાસમાં મંડી પડી. મારા આશ્ચર્ય વચ્ચે પૂ. માએ મને બીજી-વાર ફોન પર બોલાવી. મને લાગ્યું કે આ વ્યક્તિ (પૂ. મા) મારા જીવનમાં આગળ વધવાના જે પડકારો છે, તેમાં મને આશીર્વાદ આપવા કૃતસંકલ્પ છે. તે દિવસે પૂ. માએ મારી સાથે ફોન ઉપર ૪૫ મિનિટ વાત કરી અને હું ભૂલતી ના હોઉં તો, તેઓએ કહ્યું કે તું તારી પરીક્ષા પાસ કરીશ પછી આપણે મળીશું. તે જ ક્ષણે મને પ્રતીતિ થઇ ગઇ કે હું મારું ધ્યેય સિદ્ધ કરી લઇશ. ટૂંકમાં કહું તો, મારાથી પરીક્ષામાં એટલું બધું સારું લખાયું કે પરીક્ષાના ઓરડામાંથી બહાર આવતાં જ હું પાસ થઇ ગઇ છું એવું મેં જાણી લીધું.

તે પછી મારું જીવન ખૂબ બદલાઇ ગયું. પૂ. માની કૃપાથી બે

વર્ષ પહેલાં મારાં લગ્ન સુખપૂર્વક થઇ ગયાં. મારું વેવિશાળ થયું ત્યારે મારી પોતાની ફાર્મસીની ડીસ્પેન્સરી ખોલવાની તક પ્રાપ્ત થઇ. મને લાગ્યું કે પૂ. માની અસરે જ મને માણસો પ્રત્યે જાગૃત અને દયાળુ બનાવી. માણસોમાં જે શુભ હોય તેનું દર્શન કરવું અને માનવ જાત પ્રત્યે સહાનુભૂતિ રાખવી. હું જાણતી નથી, પણ હું ચોક્કસપણે કહી શકું આ પ્રકારની સમજ મારામાં આવી તે પૂ. મા સિવાય બીજા કોઇના કારણે નહિ. મારા જીવનમાં પૂ. મા મળવાને લીધે હું મારી જાતને ખૂબ ભાગ્યશાળી ગણું છું અને પૂ. મા મારા હવે પછીના જીવનમાં માર્ગદર્શક થતાં રહે તેવી અપેક્ષા રાખું છું.

The path of knowledge is like the sharp edge of a sword. One can fall from this path in the twinkling of an eye. But ignorance, the root of the round of birth and death, is destroyed through BHAKTI, without much effort.

જ્ઞાનનો માર્ગ તલવારની તીક્ષ્ણ ધારપર ચાલવા જેવો છે. આ માર્ગમાં આંખના પલકાર જેટલા સમયમાં સાધકનું પતન થઇ શકે છે. પરંતુ જન્મમરણના ફેરાઓના મૂળરૂપ અજ્ઞાન તો ભક્તિથી જ નાશ પામે છે અને તે પણ ખાસ પરિશ્રમ વગર.

સંત તુલસીદાસજી



### Maa Sarweshwari–

## THE MOTHER OF UNIVERSE

**Sunita Mistry**

Maa Sarveshwari is the Mother of our Universe. Maa has unconditional love for all her children and showers them with her blessings. Like a true mother, Maa never denies her children the joys of life and never asks anything in return. Maa listens to all her children's prayers and gives many times more than what has been asked. When there is doubt, Maa gives us faith. When there is despair, Maa gives us hope. Maa encourages her children to overcome their deepest fears by looking within to find the strength to go forward. Shri Yogeshwarji's 77 birthday celebration on August 15, 1998 was a true test for my ability to overcome my greatest fear, the fear of speaking in front of a large group of people. For the weeks up until the show, I was nervous. But the day of the show, I searched within myself and felt Maa's

strength uplifting me and guiding me throughout the show. Since then I have developed confidence in myself that was lacking in my life.

Since the start of the shows preparations, Maa has influenced my life in more ways than I can express. Maa loves all her children whole–heartedly but also strongly believes in discipline. With out food and sometimes without sleep, Maa shows her children what true dedication, discipline and focus are. All of these characteristics were not only required for the show, but also to be practiced in lives.

Maa teaches us to excel in everything we do, not be a dabbler but to plunge into life wholeheartedly. Whatever you do in life, however insignificant it may seem, you must put in one hundred and ten percent. Everything you do in life must be done with perfection and each day must be lived to the fullest. Do what needs to be done tomorrow, today.

There was a moment in my life when I needed guidance. It was a very trying time for



me, so a close friend (astrologer) had given me a mantra to meditate. The mantra contained the Mother of the Universe and the Gods Brahma, Vishnu and Mahesh. The astrologer told me to say this mantra every morning thirty–one times to Maa. So I did. Since that day I will never question why certain things happen in my life. What I asked for I didn't receive, but as time went on, I realized that what happened, happened for the best and that in life we should go with the wind and not against it. When I prayed those mornings, I would not only visualize Maa clearly, but I could also feel Maa's presence and I knew Maa was listening. A few months later there was evidence that Maa heard everything I said, because the day Maa came to our new home she brought me a picture of the Mother of the Universe and in her lap were the Gods Brahma, Vishnu and Mahesh and since then I have been truly blessed. The interesting thing was that besides myself nobody knew of the mantra I was meditating.

Maa teaches us to respect and love all fellow humans, and to help those who are

less fortunate than us. Maa teaches her children to never take anything in life for granted because there are many who are more unfortunate than us. Maa never takes anything from anyone but always finds a way to help those in need. Sometimes I feel shameful for asking, because I have so much to be thankful for. How can I ask? Maa has brought so much joy into my life and everything that I have earned has been the outcome of Maa's blessings.

## સમર્પિત જીવન

વ્હાલા તારા ચરણે ધર્યું છે જીવન મારું રે,
હવે ચિન્તા કર્યે શું વળે, જીવન બન્યું તારું રે,
તું સૂઝાડે ને તું જ કરાવે જપ, તપ સાધનને,
તારી લીલા અપરંપાર પાર પમાયે શેં?
તારા નામે જીવન ચૂકાવ્યું, તો તેં ગણ્યું તારું રે,
માડી બનતાં અંકે લીધું, કૃતાર્થ કર્યું ન્યારું રે.

— મા સર્વેશ્વરી
(અર્ધ્યમાંથી)



# જગન્માતા મા સર્વેશ્વરી

લેખક : સુનીતા મિસ્રી
અનુવાદ : તંત્રી

પૂ. મા સર્વેશ્વરી આપણા વિશ્વની માતા છે. પૂ. મા પોતાનાં બધાં જ બાળકો પર અહૈતુક પ્રેમ અને આશીર્વાદ વરસાવ્યાં કરે છે. એક સાચી માતાની જેમ તે પોતાના સંતાનોને કદી જીવનની ખુશીઓનો ઈન્કાર કરતી નથી અને બદલામાં કશું જ માગતી નથી. પૂ. મા પોતાનાં બધાં જ બાળકોની પ્રાર્થના સાંભળે છે ને (કેટલીક વાર) માગ્યા કરતાં પણ ઘણું જ વધારે આપે છે. જીવનમાં જ્યારે સંશયો જાગે છે, ત્યારે પૂ. મા શ્રદ્ધા ધરે છે. નિરાશા વ્યાપે છે ત્યારે આશાનું પ્રદાન કરે છે. પૂ. મા પોતાના બાળકોની તેઓની આંતરિક શક્તિના સહારે ગમે તેવા ભયપ્રેરક પડકારોને ઝીલી આગળ વધવા પ્રોત્સાહિત કરતાં રહે છે. પ. પૂ. શ્રી યોગેશ્વરજીની ૭૭ મી જન્મ જયંતીની તા. ૧૫, ઓગસ્ટ, ૧૯૯૮ ના રોજ ઉજવણી અમારી શક્તિની મોટી કસોટીરૂપ હતી, (કારણ કે) અમારે તે દિવસે પ્રેક્ષકોના મોટા સમુદાય સમક્ષ અમારા બધા સંકોચને દૂર કરીને સંવાદો રજૂ કરવાના હતા. અઠવાડિયાં અગાઉથી તે છેક સમારંભના દિવસે, મેં મારી ભીતર ડોકિયું કર્યું તો જાણે માની શક્તિ મને બળ આપી સમગ્ર કાર્યક્રમ દરમ્યાન દોરી રહી છે, તે દિવસથી મારા જીવનમાં જે આત્મ-વિશ્વાસ ખૂટતો હતો તે મને પ્રાપ્ત થયો છે.

આ કાર્યક્રમની તૈયારીના પ્રારંભથી જ પૂ. માએ હું વ્યક્ત કરી શકું તેના કરતાં ઘણી બધી રીતે મારા જીવન પર અસર પાડી છે. પૂ. મા પોતાના બધાં જ બાળકોને ખૂબ હૃદયપૂર્વક પ્રેમ કરે છે, પણ સાથોસાથ તેઓ ખૂબ શિસ્તનાં પણ આગ્રહી છે. ખોરાક અને

કેટલીકવાર ઊંઘનો ભોગ આપીને નિષ્ઠા, શિસ્ત અને એકાગ્રતા કેવાં હોવા જોઇએ તે પોતાના બાળકોને પૂ. માએ (આ કાર્યક્રમની તૈયારી દરમ્યાન) દર્શાવ્યું. આ બધી તો અમારા કાર્યક્રમની જ નહિ, પરંતુ વાસ્તવિક જીવનમાં આચરવાની જરૂરી વિશિષ્ટતાઓ હતી.

પૂ. મા એવું શીખવે છે કે જીવનમાં જે કંઇ કરો તે શ્રેષ્ઠ રીતે કરો, વેઠ ઉતારનાર ના બનો, પરંતુ સર્વશક્તિથી ઝંપલાવો. જીવન-માં ગમે તે સાવ સામાન્ય લાગતું કામ ભલે હોય, તોપણ તેમાં એકસો દસ ટકા શક્તિ રેડીને કરો. જીવનમાં જે કંઇ કરો તે પૂર્ણતાથી કરો ને જીવનનો હર દિન પૂરેપૂરી સ્વસ્થતા અને આનંદથી જીવાવો જોઇએ. આવતી કાલે કરવાનું કામ (શક્ય હોય તો) આજે જ કરવાનો આગ્રહ રાખો.

જીવનમાં એક એવી ક્ષણ આવી, જ્યારે મને માર્ગદર્શનની જરૂરત ઊભી થઇ. એ એક કસોટીનો સમય હતો ત્યારે મારા એક જ્યોતિષી સ્નેહીએ મને એક મંત્ર જપવા જણાવ્યું. મંત્રમાં મા જગદંબા, ભગવાન વિષ્ણુ, બ્રહ્મા અને શંકરનો સમાવેશ થતો હતો. જ્યોતિષીએ કહેલું કે દરરોજ સવારે જગદંબા સમક્ષ આ મંત્ર ૩૧ વાર જપી જવો. મેં તે પ્રમાણે કર્યું. તે દિવસ પછી જીવનમાં કોઇ ઘટનાઓ શા માટે ઘટી છે તે વિષે કદી દલીલ નહિ કરું. જે મેં ઇચ્છ્યું તે ન મળ્યું એમ લાગ્યું પરંતુ સમય જતાં સમજાયું કે થયું તે ઉત્તમ હતું. એટલે જીવનમાં જે આવી મળે તેનો સ્વીકાર કરી લેવો. તે માટે સંઘર્ષ ન કરવો. તે દિવસોમાં હું જ્યારે પ્રાર્થના કરતી, ત્યારે પૂ. માની મને ઝાંખી થતી. એટલું જ નહિ પરંતુ તેઓની ઉપસ્થિતિનો પણ હું અનુભવ કરતી... અને પૂ. મા મારી પ્રાર્થના સાંભળી રહ્યાં છે એવું મને લાગતું. થોડા મહિનાઓ પછી પૂ. મા બધુ સાંભળે છે તેનો પુરાવો પણ મળી



ગયો, કારણ કે પૂ. મા અમારા નવા ઘરે આવ્યાં ત્યારે મારા માટે પોતાની સાથે જગદંબાના સ્વરૂપની તસ્વીર લેતાં આવ્યાં–જેમાં ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને શંકર તેમના ખોળામાં બેઠેલા છે. તે દિવસથી હું ખરેખર ભાગ્યશાળી બની ગઇ. આમાં મહત્ત્વની વાત તો એ હતી કે મારા સિવાય હું કયો મંત્ર જપુ છું તે કોઇને ખબર ન હતી.

પૂ. મા આપણા બધા જ માનવબંધુઓને પ્રેમ કેમ કરવો અને આપણા કરતાં જે ઓછાં ભાગ્યશાળી છે તેમને મદદ કેમ કરવી તે શીખવે છે. કદી પૂરી ચોકસાઇ કર્યા સિવાય કોઇ વાતનો સ્વીકાર કરી ન લો; કારણ કે આપણા કરતાં ઘણા બધા કમભાગ્યશાળી છે. પૂ. મા કદી કોઇ પાસેથી કંઇ સ્વીકારતાં નથી, છતાં જેમને જરૂર છે તેમને મદદ કરતાં રહે છે. કેટલીક વાર મને પૂ. મા પાસે માગતાં શરમ થાય છે, કારણ કે મારે તેમનો આભાર માનવો પડે તેવું ઘણું બધું વગરમાગ્યે તેઓએ મને આપ્યું છે. તો કહો હવે હું કેમ માગી શકું? પૂ. માએ મારાં જીવનમાં ઘણી બધી ખુશીઓ ભરી દીધી છે અને જીવનમાં જે કંઇ પ્રાપ્ત થયું છે તે પૂ. માની કૃપાનું જ ફળ છે. એમના આશીર્વાદનું ફળ છે.

# PUJYA MAA SARVESHWARI

**Rina Lad**

Pujya Maa in my life has been my personal spiritual guide, teacher and most significantly my mother. I feel that we as devotees of Pujya Maa are truly blessed, to be a handful out of the world's population to have her love and essence in our lives.

Maa's love and the knowledge that she is watching over me each and everyday, is what keeps me going throughout my life. I personally feel that my life is in her hands and that whatever life has to bring, Maa will be there to guide me in the right direction. At times I wonder where life would have taken me, if I had not had the opportunity to encounter Pujya Maa!

I feel that Maa has planted a seed in each and every one of us, and that each seed is special and unique in its own way. The seed she had implanted in me, I feel, I've come to recognize it blooming within me. I've become



to be able to have a clear view of life and all that the world has to offer me.

I was truly blessed to be able to take part in the show commemorating Pujya Shree Mahatma Yogeshwarji's 77 birthday. Maa was not able to physically attend but her love, support and spiritual presence was in complete abundance. The program performed by the Youth of the Yogeshwas Dhyan Kendra of Toronto was very successful. Pujya Maa had the opportunity to watch the video. Maa had enjoyed the show so much that she traveled ten hours by car from New Jersey to Toronto to surprise the children with her congratulations. Maa had said that her only aspiration for coming to Toronto was for her children. The thought just brings tears to my eyes. Her visit to Toronto showed to me how much she reaches out to us and how important it is to embrace in her love.

I used to think that whenever I had a problem, concern or important event in my life, Maa would just be there and sometimes I thought about why I never felt her with me

during important events in my life. I've learned that seeking her guidance and love through prayer is the path towards Pujya Maa and Mahatma Yogeshwarji in assisting me in my life. I am now able to rejoice with Maa during my time of happiness and also find comfort with Maa during my times of sadness.

Maa will forever be the guiding light for my soul, my spiritual teacher for my mind and my loving Mother for my heart.

jai Krupalu Maa.

A man called at a Pastor's home. He was met at the door by the Pastor's little daughter. "Daddy is not home." She told him. Then with a smile of confidence she added, "But if you waut to ask any question about salvation, I can tell you all about it. I know the whole plan of salvation.

Salvation is not something one geds by tolking. It is much deeper than mast people think. **Swame Vivekanand.**



# પૂ. મા સર્વેશ્વરી

લેખક : રીના લાડ
અનુવાદ : તંત્રી

પૂ. મા, મારા જીવનમાં મારાં અંગત આધ્યાત્મિક પથપ્રદર્શક, ગુરુ, તેમ જ ખાસ કરીને તો માતા બની રહ્યાં છે. મને લાગે છે કે પૂ. માના ભક્તો તરીકે આપણે ખરેખર કેટલા બધા ભાગ્યશાળી છીએ કે દુનિયાની કેટલી મોટી જનસંખ્યામાંથી—મૂઠીભર આપણે આપણા જીવનમાં પૂ. માનો પ્રેમ અને સત્વ પામીએ છીએ!

પૂ. માનો પ્રેમ અને તેઓ મારું સતત નિરીક્ષણ કરી રહ્યાં છે એવી સભાનતા મને મારા જીવનમાં ગતિશીલ રાખે છે. હું અંગતરીતે અનુભવું છું કે મારું જીવન તેઓના હાથમાં છે અને જીવનમાં જે કંઈ ઘટવાનું છે તેમાં પૂ. મા મને યોગ્ય માર્ગે દોરી જશે તેવો વિશ્વાસ છે. પૂ. મા જો મારા જીવનમાં ના આવ્યાં હોત તો ઘણીવાર હું આશ્ચર્ય સાથે વિચારું છું કે મારું જીવન મને ક્યાંનું ક્યાં દોરી ગયું હોત!

મને લાગે છે કે પૂ. માએ અમારા દરેકના જીવનમાં એવું ખાસ બીજારોપણ કર્યું છે કે દરેક બીજ ખાસ અને અજોડ છે. પૂ. માએ ખાસ કરી મારામાં જે બીજારોપણ કર્યું છે. તે જાણે પાંગરી રહ્યું હોય—એવો હું અનુભવ કરું છું. (તેના પરિણામે) હું મારા જીવનના દૃષ્ટિકોણને પારખવા શક્તિમાન બની છું અને દુનિયા પાસેથી મારે શું પ્રાપ્ત કરવાનું છે.

હું અને અમે બધા ખરેખર ભાગ્યશાળી છીએ કે પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના ૭૭ મા જન્મદિનની ઉજવણીમાં. ભાગ લઈ

શક્યાં. પૂ. મા આ પ્રસંગે પ્રત્યક્ષ ઉપસ્થિત—હાજર—રહી શક્યાં ન હતાં, પરંતુ તેઓનો પ્રેમ, પ્રોત્સાહન અને સૂક્ષ્મ દિવ્ય હાજરી અમે ભરપૂર અનુભવી રહ્યાં. ટોરન્ટોના યોગેશ્વર ધ્યાનકેન્દ્રના યુવાન સભ્યોનો આ કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો. પૂ. માને આ કાર્યક્રમની વિડીઓ જોવાની તક સાંપડી. તેનાથી તેઓ એટલાં બધાં ખુશ થયાં કે ભાગ લેનાર બાળકોને પ્રત્યક્ષ ધન્યવાદ આપવા અને આશ્ચર્ય પમાડવા દસ કલાકની ન્યુ જર્સીથી ટોરન્ટોની મોટરની મુસાફરીનું કષ્ટ ઊઠાવી દોડી આવ્યાં. આમ આવવાનો એમનો ઉદ્દેશ ફક્ત બાળકોને અભિનંદન આપવાનો હતો. એ સાંભળીને જ મારી આંખો આંસુથી ઊભરાઇ આવી. પૂ. માની આ ટોરન્ટો યાત્રા દર્શાવે છે પૂ. મા કેટલા બધા ભાવથી આપણી પાસે પહોંચી જાય છે અને તેઓના આવા પ્રેમમાં તરબોળ થવાનું કેટલું બધું મહત્ત્વનું છે?

હું વિચારતી કે જ્યારે પણ મારા જીવનમાં કોઇ સમસ્યા, ચિન્તા કે મહત્ત્વનો પ્રસંગ હોય, ત્યારે પૂ. મા ત્યાં અવશ્ય હાજર હોય જ, છતાં કેટલીક વખત જીવનની મહત્ત્વની ઘટનાના પ્રસંગોમાં હું પૂ. માની (સૂક્ષ્મ) હાજરી કેમ નથી અનુભવી શકી તે અંગે વિચારતી. તો હું શીખી છું કે જીવનમાં પૂ. મા અને પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના માર્ગદર્શન અને પ્રેમની અપેક્ષા હોય તો તેને માટે પ્રાર્થનાનો એક જ માર્ગ છે. એટલે હવે સુખની ક્ષણોમાં હું પૂ. મા સાથે આનંદ માણી શકું છું તો દુઃખના સમયમાં તેઓની શાતા અનુભવું છું.

હમેશાં પૂ. મા મારા આત્મા માટે પ્રેમળ જ્યોતિ, મારા મન માટે ગુરુ અને મારા હૃદય માટે પ્રેમાળ માતા બની રહેશે. જય કૃપાળુ મા. □



# સ્વાતિબિંદુ

યોગેશ્વરજી

## અમુલખ અવસર

અરે મારા પાગલ પ્રાણ! પામરતાનો પરિત્યાગ કરીને તારા પ્રિયતમને નેહભરી નજરથી નિરખી તો લે! આવો અમુલખ અવસર ફરી ક્યારે મળવાનો હતો? પ્રિયતમને પેખી તો લે!

અરે મારી આળસથી અંજાયલી આંખ! આળસનો અંત આણીને, અમૃતનું અંજન આંજીને પ્રિયતમને પેખી તો લે! આવો અમુલખ અવસર ફરી ક્યારે મળવાનો હતો? પ્રિયતમને જરા દેખી તો લે!

અરે મારા રાગરહિત હૃદય! રાગથી રંગાઇને ને રસિક બનીને તારી પદ્મપાંખડીપર તારા પ્રિયતમની પ્રતિષ્ઠા તો કરી લે! આવો અમુલખ અવસર ફરી ક્યારે મળવાનો હતો? પ્રાણાધારની પ્રતિષ્ઠા તો કરી લે!

અરે મારા સુસ્ત શરીર! સુસ્તીને છોડીને એ તારી રાહ જોતો, તને આશ્લેષ આપવા માગતો હાથ ફેલાવીને ઊભો છે; ત્યારે એને આશ્લેષ તો આપી લે! આવો અમુલખ અવસર ફરી ક્યારે મળવાનો હતો? એને કંઠે કુસુમકરતાંયે કોમલ એવી માળા તો કરી દે!

અરે મારા જડ જીવન! તારું બધું જ એને ચરણે ધરી દે. તું એનું જ બની લે. આવો અમુલખ અવસર ફરી ક્યારે મળવાનો હતો? □

# રોજીંદી રામાયણ...બંધકોષ

ડૉ. ઉમાકાંત જોષી

માણસના સમગ્ર આરોગ્યનો તથા આખાય દિવસનાં આનંદ-નો આધાર તેના પેટ સાફ આવવા ઉપર છે. આથી કબજીયાત માટે દરેકે થોડુંક જાણી લેવું જરૂરી છે. દવાઓમાં પણ જાહેરાતો ઉપર જો સૌથી વધુ કોઇ દવાઓ વેચાતી હોય તો તે પેટ સાફ કરવાની દવા છે. આથી આ વખતે પેટ સાફ માટેની પેટછૂટી વાતો જાણી લઇએ.

કબજીયાતને રોગ ગણવાની જરૂર નથી. ડૉ. આર્બુથનોટ લેન કબજિયાતને સકલરોગનું કારણ ગણાવે છે. મંદાગ્નિથી ખોરાક પૂરો પચતો નથી આથી અપાચિત રહેલો ખોરાક અપક્વ મળના રૂપમાં આંતરડામાં સ્થિર થઇ રહે છે. અને ધીરે ધીરે આંતરડાની સ્થિતિસ્થાપકતા ઓછા કરી મોટા આંતરડા ને શિથિલ કરી. શુષ્ક થતો થાય છે. આ આંતરડામાં (Sigmoto Colon) વિગેરેમાં ભરાયેલ મળ સમયસર બહાર ન નીકળતાં તેનું ઝેર શરીરમાં લોહીમાં આંતરડામાંથી શોષાઇને મળે છે જેનાથી લોહીવિકારો, સાંધાના રોગો, ચરબીનું વધવું, આંતરડા કઠણ થવાં, માથું ભારે લાગવું, અપચો–ગેસ–અરૂચિ થવા વગેરે ઉપદ્રવરૂપે અસંખ્ય રોગો જન્મ લે છે. ઘણી વખત મળ વધુ શુષ્ક થવાથી કઠણ તથા બકરાની લીંડીજેવો કાળો મળ ખૂબ જોર કરવાથી આવે છે. કાચો આમવાળો મળ ચિકાશવાળો, બહુવારે આવે તેવો, હજુ આવશે તેવી ખણસ કરનારો, દુર્ગંધયુક્ત હોય છે. ઘણી વખત આવા મળો ગુદાનાં ચીરા પડવાં (ફીશર), હરશ થવાં વગેરે રોગો પણ કરે છે.



**કારણો :** ખાસ કરીને ખૂબ વધુ જમવાની ટેવથી, વારંવાર જમ્યા કર્યાની ટેવથી, જમીને વધુ સૂવાથી, જમીને ઠંડા પાણી વધુ પીવાથી, ચીકાશવાળું, ભારે તથા ચણાના લોટની વસ્તુઓ તેમ જ આથાવાળી વસ્તુઓ વધુ ખાવાથી, જીવનની અનિયમિતતાથી, ઝાડાને રોકવાની કુટેવથી, પાણી ઓછું પીવાથી, આંતરડાની દિવાલો કઠીન થવાથી (Spastic Colon) વારંવાર રેચ લીધા કરવાની આદતથી, કસરતના અભાવથી, ભૂખ ન હોય છતાંય ખાધા કરવાથી, ઉજાગરાની ટેવથી, તથા સતત ચિંતાના સ્વભાવથી સમયસર ઝાડો સાફ આવવાની કુદરતી પ્રક્રિયા નાશ પામી વિબંધ–બંધકોષ કે કબજીયાત જેવા રોગનો જન્મ થાય છે. ખાસ કરી સ્ત્રીઓનાં વૃદ્ધાવસ્થામાં તથા વ્યાયામ નહીં કરનારાઓમાં આ વિશેષ જોવા મળે છે.

**ઉપાય :** ૧. ઝાડો રોકવાની ટેવ ન પાડવી તેમ જ પરાણે ઝાડો લાવવાનાં પ્રયાસો ન કરવા જોઇએ. ઘણાં દરદીને આંગળી નાંખી ઝાડો લાવવાની કુટેવ પડી હોય છે. આ ખુબ જ હાનિકારક ગણી શકાય. આથી આમ કદી પણ કરવું ન જોઇએ.

૨. કબજીયાત માટે દવાઓ ખાવી જ જોઇએ એ જરૂરી નથી તેનાં કારણો દૂર કરશો એટલે આપોઆપ કબજીયાત રોગ મટી જશે.

૩. ચોખ્ખી હવામાં ફરવાની ટેવ રાખો, દોડવું, રમવું વગેરે કરવા અથવા પવનમુક્તાસન, સર્વાંગાસન, ભૂજંગાસન જેવાં આસનો રોજ સવારે કરવાં, સૂર્યનમસ્કાર રોજ સવારે નયણા પેટે ૧૦ વખત નિયમિત કરવાથી પણ ધીરે ધીરે આ રોગ ઘટતો જાય છે.

૪. રાત્રે સૂતી વખતે તાંબાના લોટામાં પાણી ભરી રાખો. પછી રોજ સવારે ૫ વાગે વ્હેલા ઊઠી મોં સાફ કરી તે પાણી પી જવું. પછી જો સુવું હોય તો ફરી કલાક સૂઇ જાઓ. આ પ્રયોગથી પણ દસ્ત સાફ આવશે.

૫. દસ્ત સાફ જ ન આવે તો સવારે ૧ કપ જેટલા સહેજ ગરમ પાણીમાં ખાવાનો સોડા ૦ ચમચી જેટલો નાંખી નયણા કોઠે પીવું જોઇએ.

૬. દિવસે વધુ પાણી પીવાની ટેવ રાખવી, ટેન્સન વગર શાંતચિત્તે દરેક કાર્યો કરો, મન ઉચક ન રાખો, જમીને ઠંડા પદાર્થો કે ઠંડા પાણી કે પીણા ન પીઓ.

૭. ખોરાકમાં આથાવાળું, તળેલું, ચીકાશવાળું, વાસી બંધ કરો. પ્રવાહી ખોરાક લો, દૂધ, ઘી, છાસ, ફળફળાદિ થોડાક લેવાની ટેવ રાખો. ધીમે ધીમે જમો. શાંતિથી જમો ને ખૂબ ચાવી ચાવીને જમો તથા જમવાની વચ્ચે વચ્ચે થોડું થોડું પાણી પીતા રહો.

૮. દિવસે સૂવાની ટેવ હોય તો ઓછી કરી નાંખો. જમીને તરત જ દોડાદોડનાં કામ ન કરો, એકદમ પેટ ભરીને કદી જમશો નહીં.

૯. હમેશાં કઠોળ ન ખાવાં, બેઠો ચડેલો ભાત મગ સાથે બનાવી (ખીચડીજેવું) દાળનાં પાણી સાથે લેવું, જમ્યા પછી આદુનાં કટકા મોઢામાં રાખવાથી, ચાવીને રસ ઉતારવાથી પાચન ઠીક થાય છે.

૧૦. દિવસે કામ કરતી વખતે ટટ્ટાર બેસવાની ટેવ રાખો. ખૂંધા કે ટૂંટિયું વળીને કામ, વાંચન વગેરેની ટેવો મુક્ત રહી ચાલતી વખતે પણ ટટ્ટાર ચાલો, જેથી આ રોગ મૂળ ન કરી જાય.



૧૧. લૂખો ખારોક, ખાવો નહીં. ખોરાક સાથે ઘી કે દૂધનો લેહ પદાર્થ લેવો. ડોક્ટરી સલાહ પ્રમાણે. એકાદ દિવસ કદાચ દસ્ત સાફ ન આવે તો આભ નથી ટૂટી પડતું. એકાદ ટંક ઉપવાસ કરી નાંખવાથી પણ સરખું થઇ જતું હોય છે.

૧૨. શિવામ્બુ રોજ સવારે ૦ા કપ જેટલું નયણે લેવાથી પણ પેટ સાફ થઇ જાય છે.

૧૩. દૈનિક જીવનચર્યા, આહારનું નિયમન અને નિયંત્રણ રાખવાથી, શ્રમ કરવાથી, યોગાસનો કરવાથી, ખુશ મિજાજમાં રહેવાથી, પાણી વધુ પીવાથી, આરોગ પ્રાયશઃ નિર્મૂળ થઇ શકે.

૧૪. ઔષધમાં જરૂર પડે હિમેજ, ઇસબગુલ કે ગરમાળાનો ગોળ અઠવાડીએ એકાદ બેવાર લઇ શકાય.

---

એક માણસ પાદરીના ઘરે ગયો. ત્યાં દરવાજે તેની નાની દીકરી મળી. તેણે આવનારને કહ્યું, "મારા પિતાજી ઘરે નથી." પછી વિશ્વાસપૂર્વકના સ્મિત સાથે ઉમેર્યું, "પરંતુ તમારે મોક્ષ વિષેના કોઇ પ્રશ્નો પૂછવા હોય, હું તેમના જવાબ કહી શકીશ. મોક્ષ માટેના બધા જ આયોજનથી હું માહિતગાર છું."

મોક્ષ એ કાંઇ વાતચીતથી મેળવી લેવાય તેવી વાત થોડી છે! લોકો ધારે છે તેના કરતાં તેનું ઊંડાણ ઘણું વધારે છે.

(સ્વામીજીએ ઉપરના ઉદાહરણથી મોક્ષ સહેલાઇથી અપા- વવાની વાતો કરનારાઓ ઉપર સુંદર કટાક્ષ કર્યો છે.)

**સ્વામી વિવેકાનંદ**

અનુવાદક : તંત્રી

# સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ

યોગેશ્વરજી

(પૂ. યોગેશ્વરજીએ ભારતીય દર્શનશાસ્ત્રનાં ૧૦૦ જેટલાં પુસ્તકો લખ્યાં. પ્રત્યેક પુસ્તકમાં સાધકરૂપી જીવની મથામણોનો જવાબ શિવ એટલે કે પ્રભુ યોગેશ્વરજીએ આપેલ છે. કેટલાક પુસ્તકો તો પ્રશ્નોત્તરીરૂપે પ્રકાશિત થયાં છે. આ પુસ્તકોમાંથી સંકલન કરીને આધ્યાત્મિક માર્ગે આગળ ધપનારા માટે પ્રશ્નોત્તરીરૂપે 'સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ'ની લેખમાળામાં કંઈક ને કંઈક અમૃત પીરસવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

ડો. બી. જે. જાગાણી)

**પ્રશ્ન :** આખી દુનિયાને સુધારવાની ઇચ્છા થયા કરે છે, તો કેવી રીતે સુધારી નાંખવી?

**ઉત્તર :** દુનિયાને સુધારવાની ઇચ્છા થતી હોય, તો તેમાં કાંઇ ખોટું કામ નથી થઇ રહ્યું. તેવી ઇચ્છા સારી છે. અથવા તો આવકારદાયક છે. પરંતુ મારી સલાહ માનતા હો, તો દુનિયાને સુધારવાનું મોટું કામ કરતાં પહેલાં તમારી જાતને જ સુધારી લો. એ રીતે તમે સંસારની વધારે સારી સેવા કરી શકશો.

**પ્રશ્ન :** પરંતુ મારી જાતને મેં સુધારેલી જ છે. મારામાં કોઇયે દૂષણ નથી.

**ઉત્તર :** તમે કહો છો માટે જ કાંઇ એ વાતને માની ના લેવાય અને ધારો કે તમારી જાતનો સુધાર તમે કરી લીધો છે, તો પછી દુનિયાને સુધારવાની ઇચ્છા તમને શા માટે થયા કરે છે?



તમે જ્યાં છો ત્યાં, તથા જે કરો છો તે કરતા રહીને, દુનિયાને સુધારી જ રહ્યા છો, એવું શું તમને નથી લાગતું? ફૂલ જ્યાં હોય છે, ત્યાં રહીને બગીચાની સેવા કરતું જ હોય છે.

**પ્રશ્ન :** પરંતુ દુનિયાની વિશેષરૂપમાં સેવા કરવી હોય, કે નેતા થવું હોય, તો?

**ઉત્તર :** તો પછી સૌથી પહેલાં તો એ નક્કી કરો કે એવી સેવા શા માટે કરવી છે, કે નેતા શા માટે થવું છે? કીર્તિની કામનાથી, લક્ષ્મીની લાલસાથી, કે મોટાઇના મિથ્યા અહંકારથી, તો એવી કોઇ લૌકિક લાલસાથી પ્રેરાયા હશો તો તમારી ઇચ્છા ભાગ્યે જ સફળ થઇ શકશે. સેવાની પાછળ સેવાની જ વૃત્તિ હોવી જોઇએ. એના બદલામાં તમને યશ મળે કે અપયશ, માન મળે કે અપમાન, ગરીબી મળે કે અમીરી, સુખ મળે કે દુઃખ, અને સફળતા મળે કે નિષ્ફળતા તો ફૂલાઇ જવાની કે નિરાશ બની જવાની વૃત્તિમાંથી બચવાની તૈયારી હોવી જોઇએ. જનતાને જનાર્દનનું રૂપ માનીને, તેને મદદરૂપ થવાની, તથા જીવનના છેલ્લા શ્વાસ સુધી મદદરૂપ થવાની તમારી ભાવના જોઇએ.

**પ્રશ્ન :** એવી ભાવના તો છે જ. અને નિઃસ્વાર્થ સેવાની વૃત્તિ પણ છે. તેથી તો કહું છું કે, આખી દુનિયાને હું સુધારી શકીશ.

**ઉત્તર :** દુનિયાને સુધારવી હશે તો માત્ર એટલી જ યોગ્યતાથી નહીં ચાલે. તે ઉપરાંત બીજી યોગ્યતા પણ જોઇએ. દુનિયામાં કેવી જાતનો સુધારો કરવો છે તેનો ચોક્કસ ખ્યાલ જોઇશે. તે સિવાય કેવળ 'સુધારો સુધારો' કર્યા કવરાથી કાંઇ જ નહીં વળે. કઇ જાતનો સુધારો તમે કરવા માગો છો, તેની ચોક્કસ રૂપરેખા તમારી પાસે હોવી જોઇશે. તમે જાણો છો કે કેટલાક

લોકો સુધારા સુધારાની બૂમો પાડયા કરે છે. પણ તે વિશેનો કોઇ સક્રિય ને પદ્ધતિસરનો કાર્યક્રમ રજૂ નથી કરી શકતા? શોરબકોર ભાગ્યે જ કામિયાબ નીવડે છે. એટલે તમે જો દુનિયાને સુધારવા માગતા હો તો, કઇ રીતે ને કેવી દિશામાં સુધારવા માગો છો, તે બરાબર સમજી લો.

**પ્રશ્ન :** ધારો કે એ પણ સમજી લીધું હોય તો? તો તો સુધારો કરી શકાશે ને?

**ઉત્તર :** તોપણ બરાબર સફળ નહીં થઇ શકાય. કેમ કે એક બીજી મહત્ત્વની વસ્તુ હજુ બાકી રહે છે. તે એ કે, જે સુધારા તમે કરવા માગો છો, તે માટેની યોગ્યતા પણ તમારે મેળવવી પડશે. તમે અંધકારને દૂર કરવા માગો છો. પરંતુ તમારી પાસે પ્રકાશ છે? કે તમે સ્વયં પ્રકાશરૂપ છો? તમે પોતે જ અંધકારમાં અટવાતા હશો, તો બીજાને પ્રકાશનું દર્શન કેવી રીતે કરાવી શકશો? જે પ્રકાશ તમે બીજાને આપવા માગતા હો, તે તમે મેળવેલો હશે તો જ, ધારેલું કામ થઇ શકશે. ને છેલ્લી વાત તો એ છે કે, ઈશ્વરની ઇચ્છા છે કે તમે સંસારને સુધારવાના કામમાં પડો? જો એનો ઉત્તર હામાં મળતો હોય, તો તમે સફળ થઇ શકશો. નહીં તો તમારા મિથ્યાભિમાનથી જ જો તમે એ કામમાં પ્રવૃત્ત થયા હશો તો નિષ્ફળ જશો.

**પ્રશ્ન :** વેદ ઈશ્વરપ્રણીત છે એવું કહેવામાં આવે છે તે સાચું છે?

**ઉત્તર :** ઈશ્વરપ્રણીતનો અર્થ તમે કેવોક કરો છો?

**પ્રશ્ન :** ઈશ્વરપ્રણીત એટલે ઈશ્વરે બનાવેલા. વેદ કોઇ મનુષ્યે નહીં, પરંતુ ઈશ્વરે બનાવેલા છે. એવી વાત પ્રચલિત છે, તે શું બરાબર છે?



**ઉત્તર :** વેદ ઈશ્વરપ્રણીત છે, એનો અર્થ એવો નથી કે તે કોઇ દેહધારી માનવે નહીં, પરંતુ ઈશ્વરે બનાવેલા છે. વેદોનું મહત્ત્વ બતાવવા, ગૌરવ જાળવી રાખવા, એવી વાત વહેતી મૂકાઇ હોય, કે પ્રચાર પામી હોય તે ભલે. પરંતુ હકીકતમાં તો તે વાત સાચી નથી, એવું કહ્યા સિવાય છૂટકો નથી. કેમ કે વેદમાં કેટલાક મંત્રો ને કેટલીક ઋચાઓમાં ઋષિઓના નામ પણ આવે છે. એ મંત્રો કે ઋચાઓ તો તે ઋષિઓએ રચેલી છે તે સ્પષ્ટ છે. વળી વેદની બધી જ ઋચાઓ એટલી બધી ઉચ્ચજ્ઞાનથી ભરેલી અથવા તો સારગર્ભિત છે એવું પણ નથી. એવી ઋચાઓ ઈશ્વરે રચી છે એમ માનવું ડહાપણભર્યું નથી લાગતું. ઈશ્વર એવી લૌકિક લાલસાથી ભરેલી સાધારણ ઋચાઓને શા માટે લખે? ઈશ્વરનું લખાણ એવું સાધારણ ના હોય.

**પ્રશ્ન :** તો પછી વેદ ઈશ્વરપ્રણીત છે એવું તમે નથી માનતા?

**ઉત્તર :** તમે જે અર્થમાં એવું માનો છો એ અર્થમાં હું નથી માનતો. વેદો કોઇ દેહધારી મનુષ્યની રચના નથી, પરંતુ ઈશ્વરની રચના છે, એમ માનવું બરાબર નથી લાગતું. એ હકીકતનો સ્વીકાર કરીએ તોપણ વેદ ઈશ્વરપ્રણીત છે એવું સમજીને સમજાવી શકાય છે.

**પ્રશ્ન :** તે કેવી રીતે?

**ઉત્તર :** દરેક પ્રકારનું ઉચ્ચ આત્મજ્ઞાન પરમાત્મામાં રહેલું છે, ને પરમાત્માની પાસેથી કે પરમાત્માની કૃપાથી જ માણસને મળતું હોય છે, જ્ઞાન પરમાત્માનું જ સ્વરૂપ છે. અને તેથી પરમાત્માની પેઠે જ કાયમને માટે રહેનારું કહેવાય છે. પણ હૃદય જ્યારે નિર્મળ બને છે, જીવનમાં સત્ત્વગુણનો ઉદય થાય છે, અને ધ્યાન, ધારણા ને સમાધિ જેવી અંતરંગ સાધનામાં માણસ

આગળ રધે છે, ત્યારે જ્ઞાન એને અંતરના ઊંડાણમાંથી આપોઆપ મળે છે. જ્ઞાનને એ મેળવે છે કે પ્રકટ કરે ખરો, પરંતુ જે જ્ઞાન એને મળે છે તે તો સનાતન તથા ઈશ્વરીય હોય છે. એ ઈશ્વરીય જ્ઞાનની અભિવ્યક્તિનું એ કેવળ સાધન જ બને છે. એટલે જે જ્ઞાન ઈશ્વરનું છે, ઈશ્વરની પેઠે સનાતન છે, ને ઈશ્વરની કૃપાને પરિણામે પ્રાપ્ત થાય છે, તેના પર તે માલિકીપણાનો સિક્કો નથી મારતો, પરંતુ તે જ્ઞાન ઈશ્વરપ્રણીત કે ઈશ્વરનું છે, એમ કહી બતાવે છે. એમાં એની નિરભિમાનીતા ને નમ્રતા દેખાય છે. વેદના ઋષિઓ એવા જ નિરભિમાન ને નમ્ર હતા. જે જ્ઞાન તેમણે પ્રાપ્ત કર્યું તેના તે માલિક નથી, પરંતુ દ્રષ્ટા છે, એનું ભાન હોવાથી જ તેમણે કહ્યું કે વેદો અમારા લખેલા નથી, પરંતુ ઈશ્વરે રચેલા છે. ઈશ્વરે અમારી અંદર રહીને અમને હથિયારરૂપ બનાવીને, એ જ્ઞાનનો પ્રકાશ પાડયો છે, ને તેને સંસારના હિત માટે વહેતું મૂક્યું છે. આ દૃષ્ટિ તમને સમજાઈ? જો સમજાઈ હશે તો વેદને ઈશ્વરપ્રણીત કેમ કહેવામાં આવે છે તે સહેલાઈથી સમજી શકશો.

**પ્રશ્ન :** એ રીતે તો બધી જાતનું આત્મજ્ઞાન ઈશ્વરપ્રણીત જ કહેવાય અને એ જ્ઞાનના ગ્રંથો પણ દાખલા તરીકે બાઈબલ, અવસ્તા, ગીતા વગેરે.

**ઉત્તર :** બરાબર છે, જે વાત વેદને લાગુ પડે છે તે આત્મ-જ્ઞાનના બીજા ધર્મગ્રંથોને પણ લાગુ પડે છે. પરંતુ તેનો સ્વીકાર કરવા જેટલી ઉદારતા ને હૃદયની વિશાળતા હશે તો જ તમે તેને સમજી શકશો. જો તમે સંકુચિત દિલના કે કટ્ટર હશો, તો આ વાતને સમજ્યા છતાં પણ નહીં સ્વીકારો. (ક્રમશઃ)

## * પરમાત્માનો સાક્ષાત્કાર *

પરમાત્માનો સાક્ષાત્કાર એટલે પરમાત્માનું દર્શન. આવું દર્શન શરીરની અંદર અને બહાર પણ થઈ શકે છે. આત્મારૂપે અંદરનું દર્શન સમાધિદશામાં થતું હોય છે. સમાધિદશામાં સૂક્ષ્મ મનદ્વારા આનંદસ્વરૂપ, શાંતિસ્વરૂપ ને ચેતનસ્વરૂપ, આત્મતત્ત્વનો પ્રત્યક્ષ અનુભવ થાય છે અને સમાધિમાંથી જાગ્યા પછી સંસારમાં પણ બધે એ આત્મતત્ત્વની ઝાંખી થાય છે. મન જ્યારે રાગ ને દ્વેષથી મુક્તિ મેળવે છે, અહંકાર, મમતા અને આસક્તિથી રહિત બને છે, તથા સદ્‌વિચાર ને સર્વ પ્રકારના સદ્‌ભાવોથી સંપન્ન થાય છે, ત્યારે તે નિર્મળ અથવા તો સાત્ત્વિક થયું એમ કહેવાય છે. એવા નિર્મળ થયેલા મનથી પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. ત્યારે જે જે પદાર્થ દેખાય છે તે તે પદાર્થ પરમાત્માના સ્વરૂપ જેવો છે અથવા એની અંદર અને એ રૂપે પરમાત્મા જ રહેલા છે એવો અનુભવ સહજ રીતે થયા કરે છે. એવો એવો અનુભવ મન અથવા બુદ્ધિદ્વારા જ થાય એવું નથી હોતું. શરીરમાં રહેલો આત્મા બીજા પદાર્થોમાં રહેલા આત્માનો અનુભવ કોઈ પણ જાતની સ્મૃતિવિના આપોઆપ જ કર્યા કરે છે. તે નિર્ગુણ સાક્ષાત્કાર કહેવાય છે. તે ઉપરાંત એક બીજો સગુણ સાક્ષાત્કાર પણ છે. તે બહાર અને અંદર બંને રીતે થતો હોય છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * ધ્યાનનું ફળ *

ધ્યાન અવિદ્યારૂપી અંધકારમાંથી પરમસત્યરૂપી, પરમપ્રકાશરૂપી પરમાત્મામાં પ્રવેશવાની, પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય પામવાની પાવન પ્રક્રિયા છે. ધ્યાનની સાધનાદ્વારા પરમાત્માના પરમપ્રકાશનો સાક્ષાત્કાર કરવાનો છે. સંક્ષેપમાં કહેવું હોય તો કહી શકાય કે અપરોક્ષાનુભૂતિ—આત્માનો અપરોક્ષ અથવા પ્રત્યક્ષ અનુભવ એ જ ધર્મનું ધ્યેય છે, સઘળી સાધનાનું સાધ્ય છે, અને આધ્યાત્મિકતાનો અર્ક અથવા આદર્શ છે. માનવીની અંદર રહેલા અજ્ઞાનરૂપી આવરણને અળગું કરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી આપવો તે સાધનાનું ધ્યેય છે. એના પરિણામે માનવ અહંતા તથા મમતામાંથી મુક્તિ મેળવીને નમ્ર, નિરભિમાની, નિર્મળ બની જાય છે, રાગ—દ્વેષરહિત થાય છે. અને આસક્તિથી અલગ બને છે. લૌકિક લાલસા, કામના તથા તૃષ્ણા એને સતાવી શકતી નથી. એનું જીવન જ્યોતિર્મય બને છે. પરમાત્મામય થાય છે. પરમાત્માના પરમપવિત્ર પ્રકાશનું દૈવી દર્શન કરીને એ સૌ પ્રત્યે પ્રેમ રાખે છે. ભેદભાવ તથા ભ્રાંતિ અને ભયમાંથી મુક્તિ મેળવે છે, અને સૌના કલ્યાણકર્મમાં પ્રસન્ન તથા પ્રવૃત્ત રહે છે. ધ્યાનની સાધના અસત્યમાંથી પરમસત્યમાં પ્રવેશવાની સાધના છે. પરમસત્ય આપણી અંદર છે. એટલે એના અનુસંધાન, અવલોકન અને અપરોક્ષ અનુભવને માટે આપણે ધ્યાનનું અંતરંગ આલંબન લઈએ છીએ.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.